પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૧૦૭ • કુલ પાના : ૪ • તારીખ : ૨૭-૧૨-૨૦૨૨ મંગળવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## રાજસ્થાન, મધ્યપ્રદેશ સહિત ૬ રાજ્યોને ઠંડીથી એલર્ટ કરાયાં : દિલ્હીમાં ૩ ડિગ્રી, તો ચૂરુમાં ૦ ડિગ્રી રેકોર્ડ

નવીદિલ્હી,

ઉત્તર ભારતમાં કડકડતી ઠંડી વધી રહી છે. મધ્યપ્રદેશ, રાજસ્થાન, દિલ્હી, ચંડીગઢ, પંજાબ, હરિયાણા અને ઉત્તર પ્રદેશના ઘણા વિસ્તારોમાં સોમવારે સવારે ઠંડા પવનો સાથે ગાઢ ધુમ્મસ રહ્યું. મોસમ વિભાગે આ રાજ્યોમાં કડકડતી ઠંડી પડવાનું એલર્ટ જાહેર કર્યું છે. છેલ્લા ૨૪ કલાકમાં અહીં તાપમાન ૩થી ૭ ડિગ્રીની રેકોર્ડ કરવામાં આવ્યું. ચૂરુમાં સોમવારે સવારે તાપમાન શૂન્ય ડિગ્રી નોંધાયું. આના કારણે વિઝિબિલિટી ખૂબ જ ઓછી રહી. ટ્રેન અને ટ્રાન્સપોર્ટેશન પર પણ આની અસર જોવા મળી.

હવામાન વૈજ્ઞાનિકોના અનુસાર, ૩૧ ડિસેમ્બરથી ૪ જાન્યુઆરી સુધીના પાંચ દિવસ સિઝનના સૌથી ઠંડા દિવસો હશે. આ દરમિયાન પંજાબ, હરિયાણાના કેટલાક લિસ્તારોમાં રાતનું તાપમાન માઈનસમાં જઈ શકે છે. તો દિલ્હી, રાજસ્થાન અને પશ્ચિમી ઉત્તર પ્રદેશમાં રાતનું તાપમાન ૧થી ૪ ડિગ્રીની વચ્ચે રહેશે. દિવસનું અધિકતમ તાપમાન ૧૦થી ૧૪ ડિગ્રી વચ્ચે રહેવાની સંભાવના છે.

મોસમ વિભાગ અનુસાર ભૂમધ્યસાગરથી ઉઠેલા પશ્ચિમી પવનો હિમાલયનાં ક્ષેત્રોમાં સક્રિય હશે. આના કારણે ૨૯ ડિસેમ્બર પછી પર્વતીય રાજ્યોમાં ભારે હિમવર્ષા થશે. કેટલાંક સ્થાનો પર વરસાદની સંભાવના છે.દિલ્હીના કેટલાક વિસ્તારોમાં સોમવારે સવારે ૮થી ૧૦ની વચ્ચે પારો ૩ ડિગ્રી સુધી પહોંચી ગયો. મોસમ વિભાગે પહેલેથી યલો એલર્ટ જાહેર કર્યું હતું. મોસમ વિભાગ અનુસાર



પાલમમાં ન્યૂનતમ ૬.૫ ડિગ્રી, સફદરજંગમાં ૫ ડિગ્રી, આયાનગરમાં ૪.૦ ડિગ્રી, રિજમાં તાપમાન ૪.૧ ડિગ્રી નોંધવામાં આવ્યું છે. અહીં આવનારા ૫ દિવસ કડકડતી ઠંડી પડવાનું અનુમાન છે.

રાજસ્થાનમાં સોમવારે શીતલહેરનો પ્રકોપ ચાલુ છે. રાજ્યમાં ક્રિસમસના દિવસથી કડકડતી ઠંડીની શરૂઆત થઈ ગઈ છે. રવિવારે સિઝનમાં પહેલી વાર બે શહેરોનું તાપમાન માઈનસમાં જતું રહ્યું હતું. માઉન્ટ આબુમાં પારો માઈનસ ૦.૫ પહોંચ્યો, જ્યારે જયપુરના જોબનેરમાં માઈનસ એક ડિગ્રી રહ્યો.

જયપુર શહેરમાં પણ સિઝનની સૌથી ઠંડી રાત રહી અને પારો ૬.૬ ડિગ્રી રેકોર્ડ કરવામાં આવ્યો. તો સીકર, ફતેહપુર સહિત ૧૧ શહેરોમાં પારો ગગડીને ૫ ડિગ્રીથી નીચે આવી ગયો. શેખાવટી સહિત કેટલાય વિસ્તારોમાં શીતલહેરની સાથે ગાઢ ધુમ્મસ છવાયેલું રહ્યું. આનાથી વિઝિબિલિટી ઓછી થઈ ગઈ.

ઉત્તરના પવનોને લીધે કેટલાક જિલ્લામાં રાતનું તાપમાન ૧૦ ડિગ્રી સેલ્સિયસની નીચે આવી ગયો. દતિયા સૌથી ઠંડું રહ્યું. અહીં ન્યૂનતમ તાપમાન ૬ ડિગ્રીની આવી ગયું. આના સિવાય ધાર, ગુના, ગ્વાલિયર, પંચમઢી, રાજગઢ, રતલામ, ખજુરાહો, નૌગામ અને સાગરમાં ન્યૂનતમ તાપમાન ૧૦ ડિગ્રી સેલ્સિયસની નીચે જતું રહ્યું. શનિવાર સાંજથી ઉત્તરના ઠંડા પવનો વાવવા માંડ્યા. આના કારણે દિવસ અને રાતનું તાપમાન ગગડી ગયું. આગલા ૪૮ કલાક સુધી વાતાવરણ આવું જ રહેશે.

ઉત્તરાખંડના કેટલાક વિસ્તારોમાં ભારે હિમવર્ષા થઈ રહી છે. સોમવારે સવારે કેટલાક વિસ્તારોમાં તાપમાન ૧૦ ડિગ્રીની નીચે રહ્યું. રાજ્યનું વાસુકી તળાવ સંપૂર્ણપણે થીજી ગયું. ગંગોત્રીથી કેદારનાથવાળા રસ્તે આ તળાવ આવે છે. ચારધામ યાત્રા દરમિયાન આ તળાવ જોવા જઈ શકાય છે.દરમિયાન ગુજરાતમાં ફરી વળ્યું છે ઠંડીનું મોજું. છેલ્લાં બે દિવસથી અમદાવાદ, ગાંધીનગર, કચ્છ, સુરત, વડોદરા સહિત રાજ્યના તમામ ઝોનમાં ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. હવામાન વિભાગની આગાહી મુજબ હજુ પણ ગુજરાતમાં ઠંડીનો પ્રકોપ વધી શકે છે. તેથી દરેકે પોતાની રીતે સતર્ક રહેવાની જરૂર છે. ખાસ કરીને વહેલી સવારે અને સાંજ પડતાની સાથે જ પવનની ગતિ વધુ તેજ બનતા ઠંડા પવનો ફૂંકાય છે. આ સિઝન તમને બીમાર પણ કરી શકે છે. બીજી તરફ કોરોનાનું સંક્રમણ પણ વધી રહ્યું છે. જેને પગલે દરેકે સ્વાસ્થ્ય સંબંધિત સાવધાની રાખવાની જરૂર છે.

હવામાન વિભાગ દ્વારા ઉત્તરી પવન ફૂંકાતા ગુજરાતમાં કોલ્ડવેવની આગાહી કરવામાં આવી છે. ખાસ કરીને તેની અસર આગામી દિવસોના વાતાવરણ પર પણ થશે. જેથી આગામી દિવસોમાં ગુજરાતના વિવિધ રાજ્યોમાં ઠંડીનો પારો ગગડશે અને ઠંડી વધશે તેવી પણ સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે.આગામી દિવસોમાં ગુજરાતમાં હજુ ઠંડી વધશે અને તેની ખાસ અસર નદી કાંઠાના વિસ્તારોમાં જોવા મળશે. હવામાન વિભાગ દ્વારા આગામી ૪૮ કલાક માટે કચ્છમાં કોલ્ડવેવની આગાહી કરવામાં આવી છે. તાપમાનની વાત કરીએ તો, ૪.૨ ડિગ્રી સાથે કચ્છ જિલ્લાનું નલિયા બન્યું રાજ્યનું સૌથી ઠંડુ શહેર. ૧૨ ડિગ્રી સાથે અમદાવાદમાં પણ કડકડતી ઠંડીનો અહેસાસ જણાઈ રહ્યો છે. જ્યારે કચ્છ જિલ્લાના ભુજ અને કંડલામાં પણ પારો ૧૦ ડિગ્રીએ પહોંચતા કાતિલ ઠંડી અનુભવાઈ રહી છે. આ ઉપરાંત રાજ્યના ગાંધીનગર, વડોદરા, સુરત અને રાજકોટમાં પણ ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. ઉત્તર-પૂર્વિય પવનની અસરથી આગામી સમયમાં ઠંડીનું જોર વધવાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

## આ વખતે ઉતરાયણમાં પતંગ-દોરીની રંગત મોંઘી પડશે !

અમદાવાદ,

ઉતરાયણ ઉજવણીની તૈયારીઓ થઈ રહી છે. સામાન્ય રીતે ડિસેમ્બરના અંતથી જ આપણે ત્યાં ઉતરાયણની ઉજવણીની તૈયારીઓ શરૂ થઈ જતી હોય છે. દોરી-પંતગની રંગત જમાવવા માટે દુનિયાભરના પતંગ રસિયાઓ પણ અમદાવાદના આંગણે યોજાતા કાઈટ ફેસ્ટિવલમાં ભાગ લેવા માટે આવે છે. એટલું જ નહીં ઉતરાયણ માટે માંજો ઘસવા માટે યૂપી-બિહાર અને બંગાળ સહિતના રાજ્યોમાંથી કારીગરો અહીં આવી જતા હોય છે. ત્યારે આ વખતે દોરી-પતંગની રંગત પતંગ રસિયાઓના ખિસ્સા પર વધારે ભાર આપશે. એટલેકે, આ વખતે ઉતરાયણ પહેલાં કરતા મોંઘી થશે. વધતી મોંઘવારીની અસર હવે ઉતરાયણના પર્વ પર પણ જોવા મળશે.

ઉતરાયણ નજીક આવતા પતંગ સહિત દોરીની કિંમતમાં વધારો થઈ જાય છે. ૨૦ રૂપિયા પ્રતિવારને બદલે હવે ૫૦ રૂપિયા પ્રતિવાર દોરી ઘસવાનો ભાવ જઈ પહોંચ્યો છે. સવારે ૬ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધી



કારીગરો દોરી ઘસતા હોય છે. લૂગદીમાં ભાત, કાચ અને રંગ મિક્સ કરીને દોરી ઘસવામાં આવે છે. દોરી ઘસતા ઘસતા આંગળીઓમાં કાચ વાગવાને કારણે જમવા માટે ચમચીનો ઉપયોગ કરવો પડે છે. આમ દોરી ઘસતા કારીગરોએ પણ આ કારણસર પોતાનું મહેનતાણું વધારી દીધું છે. ઉતરાયણ અન્ય રાજ્યોના કારીગરો માટે રોજગારીની તક સાબિત થાય છે, જેમ જેમ ઉતરાયણ નજીક આવશે તેમ દોરી અને પતંગ મોંઘા થશે. હાલ ૫૦ રૂપિયામાં ઘસાતી દોરી, ઉતરાયણ આવતા સુધીમાં પ્રતિવાર ૧૦૦ રૂપિયા સુધી જઈ પહોંચશે.

ઉતરાયણ આવે એના બે મહિના પહેલાથી જ દેશના જુદા જુદા ભાગોમાંથી અમદાવાદ સહિત રાજ્યના અલગ અલગ જગ્યાઓ પર દોરી ઘસવા માટે કારીગરો આવી પહોંચતા હોય છે. બંગાળ, યુપી જેવા રાજ્યોનાં અનેક કારીગરો માટે નવેમ્બર મહિનાથી ઉતરાયણ સુધી ગુજરાત નવું ઘર બની જતું હોય છે. દોરી ઘસતા કારીગરો વહેલી સવારે ૬ વાગ્યાથી દોરી ઘસવાનું શરૂ કરતાં હોય છે અને રાત્રે ૧૦ વાગ્યા સુધી દોરી ઘસવાનું કામ સતત ચાલતું રહે છે. દિવાળી પહેલા ૧ હજાર વાર દોરી જે ૨૦ રૂપિયામાં ઘસવામાં આવતી હતી એની કિંમત ઉતરાયણ નજીક આવતા વધતી જઈ રહી છે. હાલ દોરી ઘસાવવું પ્રતીવાર ૫૦ રૂપિયા જઈ પહોંચ્યું છે. ઉતરાયણ જેમ જેમ હજુ નજીક આવશે, દોરી ઘસાવું ૧૦૦ રૂપિયા સુધી જઈ પહોંચતું હોય છે. અનેક પતંગરસિયાઓ દોરીને મજબૂત બનાવવા માટે જુદી જુદી વસ્તુઓ દોરીમાં મિક્સ કરાવતા હોય છે. બંગાળથી આવેલા કારીગરોએ કહ્યું કે દોરી ઘસવા માટે લૂગદી બનાવવામાં આવતી હોય છે એમાં સામાન્ય રીતે તેઓ ભાત, રંગ, કાચ નાખતા હોય છે આ સાથે જ ગ્રાહક કોઈ ખાસ વસ્તુ નાખવાનો આગ્રહ કરે તો તે પણ તેઓ ઉમેરતા હોય છે. જો કે બંગાળથી આવેલા અને છેલ્લા અનેક વર્ષોથી દોરી ઘસવાનું કામ કરતા કારીગરો કહે છે કે, દોરી ઘસવાની કિંમત જેમ જેમ ઉતરાયણ આવશે તેમ તેમ વધતી જશે. પરંતુ ઉતરાયણના બે મહિના પહેલાથી દોરી ઘસતા ઘસતા તેમના હાથની આંગળીઓ સીધી થતી નથી હોતી. આંગળીઓની સુરક્ષા માટે ટેપ લગાવી હોવા છતાં કાચ હાથમાં વાગતા હોય છે. જમવા માટે પણ ચમચીનો ઉપયોગ કરવો પડતો હોય છે.

## નવુ ભારત દશકો પહેલા થયેલી ભૂલને સુધારી રહ્યુ છે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૬ ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ દિલ્હીના મેજર ધ્યાનચંદ નેશનલ સ્ટેડિયમ ખાતે ‘વીર બાલ દિવસ‘ના અવસર પર એક ઐતિહાસિક કાર્યક્રમને સંબોધન કર્યું હતું . આ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરી, પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન પણ ઉપસ્થિત રહ્યાં હતાં પીએમ મોદીએ કહ્યું, કેન્દ્ર સરકાર દેશના નાગરિકોને, ખાસ કરીને નાના બાળકોને ૧૦મા શીખ ગુરુ ગોવિંદ સિંહના પુત્રોની અનુકરણીય હિંમતની વાર્તા વિશે જણાવવા માટે સમગ્ર દેશમાં ઈન્ટરેક્ટિવ અને સહભાગી કાર્યક્રમોનું આયોજન કરી રહી છે, જેમણે તેમની આસ્થાની સુરક્ષા માટે પોતાના જીવનનું બલિદાન આપ્યું.



વડાપ્રધાને કહ્યું કે, દેશ પ્રથમ ‘વીર બાલ દિવસ’ મનાવી રહ્યો છે, શૌર્ય માટે ઉંમર મહત્વની નથી, હું બહાદુર સાહિબજાદોના ચરણોમાં નમન કરું છું, જેમણે ઔરંગઝેબની આતંકવાદી યોજનાઓને દફન કરી દીધી હતી, ઈતિહાસના નામે આપણને ખોટા તથ્યો રજુ કરાયા છે. વીર બાળ દિવસથી પ્રેરણાઓ જોડાયેલી છે. નવુ ભારત દશકો પહેલા થયેલી ભૂલને સુધારી રહ્યુ છે. આપણા ગુરૂઓ ધાર્મિક કટ્ટરતા વિરૂદ્ધ ઉભા રહ્યા હતા.

ગુરુ ગોવિંદ સિંહ જીના પરિવારની શહાદતને આજે પણ ઈતિહાસની સૌથી મોટી શહાદત માનવામાં આવે છે. છોટે સાહિબજાદો બાબા જોરાવર સિંહજી અને બાબા ફતેહ સિંહની યાદ આવતા જ લોકોની છાતી ગર્વથી ફૂલી જાય છે અને તેમનું માથું આદરથી ઝુકી જાય છે. ગુરુદ્વારા ફતેહગઢ સાહિબ તે સ્થાન પર છે જ્યાં સાહિબજાદાઓએ અંતિમ શ્વાસ લીધા હતા. નાગરિકોને, ખાસ કરીને નાના બાળકોને સાહિબજાદાઓની અનુકરણીય હિંમતની વાર્તા વિશે માહિતગાર કરવા અને શિક્ષિત કરવા, સરકાર દેશભરમાં ઈન્ટરેક્ટિવ અને સહભાગી કાર્યક્રમોનું આયોજન કરી રહી છે. આ પ્રયાસમાં દેશભરની શાળાઓ અને કોલેજોમાં નિબંધ લેખન, પ્રશ્નોત્તરી સ્પર્ધાઓ અને અન્ય પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે. રેલ્વે સ્ટેશન, પેટ્રોલ પંપ, એરપોર્ટ જેવા સાર્વજનિક સ્થળો પર ડિજિટલ પ્રદર્શનો મૂકવામાં આવશે. દેશભરમાં આવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે જ્યાં મહાનુભાવો સાહિબજાદાઓની જીવનગાથા અને બલિદાનોનું વર્ણન કરશે.

૯ જાન્યુઆરી, ૨૦૨૨ ના રોજ, શ્રી ગુરુ ગોવિંદ સિંહ જીના પ્રકાશ પર્વના દિવસે, વડાપ્રધાને જાહેરાત કરી કે ૨૬ ડિસેમ્બરે, શ્રી ગુરુ ગોવિંદ સિંહના પુત્રો સાહિબજાદે બાબા જોરાવર સિંહજી અને બાબા ફતેહ સિંહજીની શહીદીને ‘વીર બાલ દિવસ’ તરીકે ઉજવવામાં આવશે.

## સીમા વિવાદથી મહારાષ્ટ્ર સરકાર પર સંકટ : ફડણવીસ-શિંદે વચ્ચે તકરાર

મુંબઈ,

મહારાષ્ટ્રમાં બાલાસાહેબચી શિવસેના અને ભાજપની ગઠબંધન સરકાર પર સંકટના વાદળો ઘેરાયા છે. કર્ણાટક વિવાદને લઈને પ્રસ્તાવ લાવવાના શિંદે સરકારના ફેસલા પર મુખ્યમંત્રી શિંદે અને ઉપમુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસ વચ્ચે ભાગલા પડી ગયા છે.આ મામલે બન્ને નેતાઓ એક મત નથી. બન્નેના અલગ અલગ મત છે. મહારાષ્ટ્ર અને કર્ણાટક વચ્ચે સીમા વિવાદને લઈને ટકરાવ હજુ ખતમ નથી થયો. હવે રાજ્યમાં આ મુદ્દાને લઈને સરકારમાં જ ફૂટ પડી ગઈ છે. કર્ણાટકમાં આવતા ક્ષેત્રોને લઈને મહારાષ્ટ્ર સરકાર પ્રસ્તાવ લાવવા માગે છે. જેને લઈને સરકારમાં ફડનવીસ અને શિંદે વચ્ચે એકમતી નથી. ઉલ્લેખનીય છે કે શિંદેની બાબાસાહેબ ચી શિવસેનાના નેતા અને મહારાષ્ટ્ર સરકારના મંત્રી શંભુરાજ દેસાઈએ ગત સપ્તાહે જણાવ્યું હતું કે તેમની પાર્ટી કર્ણાટકના સીમા વિવાદને લઈને સોમવારે વિધાનસભામાં પ્રસ્તાવ લાવશે. જો કે, રાજ્યમાં ભાજપના નેતૃત્વ તરફથી આવા કોઈ પ્રસ્તાવની વાત નથી કરાઈ. કહેવામાં આવી રહ્યું છે કે ભાજપ કર્ણાટકમાં પોતાના જ નેતૃત્વવાળી સરકાર વિરુધ્ધ મુદ્દાને ભડકાવવા નથી માગતી. ખાસ કરીને એવા સમયે જ્યારે કર્ણાટકમાં આવતા વર્ષે વિધાનસભાની ચૂંટણી થવાની છે.બીજી બાજુ ઉધ્ધવ ઠાકરેના નેતૃત્વવાળો વિપક્ષ કર્ણાટક સીમા વિવાદ મામલે શિંદે સરકારને ઘેરી રહ્યો છે.

## પેપર લીક કૌભાંડમાં પોલીસ એક્શનમાં, ૫૫ આરોપીઓની ધરપકડ, માસ્ટરમાઈન્ડ પણ ઝપટે ચડ્યો

ઉદયપુર,

રાજસ્થાન પેપર લીક મામલે પોલીસ કાર્યવાહી ચાલી રહી છે. રાજસ્થાન પોલીસે રાજસ્થાન પબ્લિક સર્વિસ કમિશન શિક્ષક ભરતી પરીક્ષા પેપર લીક કેસમાં મુખ્ય સૂત્રધાર સહિત ૫૫ લોકોની ધરપકડ કરી છે. ધરપકડ કરાયેલા આ ૫૫માંથી મહિલાઓને બે દિવસના પોલીસ રિમાન્ડ પર મોકલવામાં આવી છે, જ્યારે પુરુષોને રવિવારે મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરાયા બાદ પાંચ દિવસના રિમાન્ડ પર મોકલવામાં આવ્યા છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ કેસના માસ્ટર માઈન્ડની ઓળખ જાલોર જિલ્લાની એક સરકારી શાળામાં તૈનાત મુખ્ય શિક્ષક સુરેશ વિશ્નોઈ તરીકે થઈ છે. ઉદયપુરના એસપી વિકાસ શર્માએ જણાવ્યું હતું કે તેમને રાજ્યના વિવિધ વિસ્તારોમાંથી પેપર લીક થવાની ફરિયાદો મળી હતી અને ઉદયપુર પોલીસ અને સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (જીંય) દ્વારા સંયુક્ત તપાસ શરૂ કરવામાં આવી હતી. પેપર લીકના કથિત માસ્ટર માઈન્ડની અન્યો સાથે ધરપકડ કરવામાં આવી છે.

ઉદયપુરના એસપી વિકાસ શર્માએ જણાવ્યું હતું કે આ ટોળકીએ ’સેકન્ડ ગ્રેડ ટીચર સ્પર્ધાત્મક પરીક્ષા ૨૦૨૨’ માટેના પ્રશ્નપત્રો આપવા માટે ઉમેદવારો પાસેથી ગેરકાયદેસર રીતે ૧૦ લાખ રૂપિયા લીધા હતા. તેમણે કહ્યું કે પોલીસ આ મામલે તપાસ કરી રહી છે.

જણાવી દઈએ કે રાજસ્થાન પબ્લિક સર્વિસ કમિશને જનરલ નોલેજ માટેની સેકન્ડ ગ્રેડ ટીચર સ્પર્ધાત્મક પરીક્ષા ૨૦૨૨ રદ કરી દીધી છે. પેપર લીક થયા બાદ રાજસ્થાન પબ્લિક સર્વિસ કમિશને આ નિર્ણય લીધો છે. હવે આ પરીક્ષા ફરીથી ૨૯મી જાન્યુઆરીએ નક્કી કરવામાં આવી છે. રાજસ્થાન પબ્લિક સર્વિસ કમિશને એક નોટિફિકેશન બહાર પાડીને આ અંગે જાણકારી આપી છે. તે જ સમયે, રાજસ્થાનના સીએમ અશોક ગેહલોતે કહ્યું કે સરકાર ઉમેદવારોને થતી અસુવિધાથી સારી રીતે વાકેફ છે, પરંતુ તે પરીક્ષામાં કોઈપણ પ્રકારની ગેરરીતિને થવા નહીં દે. આ દરમિયાન કેન્દ્રીય જલ શક્તિ મંત્રી અને જોધપુરના બીજેપી સાંસદ ગજેન્દ્ર સિંહ શેખાવતે પેપર લીક કેસની તપાસ સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન પાસે કરાવવાની માંગ કરી છે.

કેન્દ્રીય જલ શક્તિ મંત્રી શેખાવતે અશોક ગેહલોત સરકાર પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું કે કોંગ્રેસ સરકારની નિષ્ફળતાને કારણે વિદ્યાર્થીઓની મહેનત વ્યર્થ જઈ રહી છે. દરમિયાન, નેશનલ ડેમોક્રેટિક પાર્ટીએ રાજ્યભરની તમામ જિલ્લા કચેરીઓમાં પેપર લીકના વિરોધમાં વિરોધ માર્ચની જાહેરાત કરી છે.

## ઓમિક્રોન કરતાં વધુ ખતરનાક વેરિઅન્ટ વિનાશ સર્જશે ! વૈજ્ઞાનિકોએ મોટા ખતરાની આશંકા વ્યક્ત કરી

બીજીંગ,

ચીનમાં કોરોનાના કારણે સ્થિતિ સતત ખરાબ થઈ રહી છે. બહાર આવી રહેલા આંકડાઓ અનુસાર, BF.7 વેરિઅન્ટ ચીનમાં તબાહી મચાવી રહ્યું છે, જેના કારણે દરરોજ લાખો કેસ સામે આવી રહ્યા છે. ચીનમાં કોરોનાના વધતા જતા કેસોને કારણે અન્ય દેશોની ચિંતા પણ વધી ગઈ છે, કારણ કે આ પહેલા પણ ચીન પછી જ સંક્રમણ આખી દુનિયામાં ફેલાઈ ગયું હતું. તાજેતરમાં, કેટલાક વૈજ્ઞાનિકોએ ભારપૂર્વક જણાવ્યું છે કે દરેક નવો ચેપ કોરોના વાયરસના મ્યૂટેશનમાં મદદ કરી શકે છે, જેના કારણે નવા પ્રકારો બહાર આવી શકે છે અને તે વધુ ખતરનાક બની શકે છે. જો વાયરસનું મ્યુટેશન થાય તો તેનાથી પણ વધુ વિનાશ થઈ શકે છે.

જોન્સ હોપકિન્સ યુનિવર્સિટીના ચેપ રોગના નિષ્ણાત ડૉ. સ્ટુઅર્ટ કેમ્પબેલ રે, બ્લૂમબર્ગ દ્વારા ટાંકીને જણાવ્યું કે, “કોરોનાનું નવું સ્વરૂપ ઓમિક્રોન વેરિઅન્ટ જેવું હોઈ શકે છે, સ્ટ્રેન્સનું મિશ્રણ અથવા તો સંપૂર્ણપણે અલગ પણ હોઈ શકે છે.” તે શક્ય છે. ચીનની વસ્તી ઘણી મોટી છે અને બહુ ઓછા લોકોમાં કોરોના સામે રોગપ્રતિકારક શક્તિ છે. આ વાતાવરણમાં નવા પ્રકારો જન્મવાનો ભય વધુ છે.ડૉ. સ્ટુઅર્ટે આગળ જણાવ્યું કે, “દરેક નવો ચેપ કોવિડને મ્યૂટેશન કરવાની નવી તક આપે છે. જો ચીનની વસ્તી ૧.૪ અબજ છે, તો કોવિડ ત્યાં ઝડપથી ફેલાઈ શકે છે કારણ કે ત્યાં ‘ઝીરો-કોવિડ’ નીતિ લગભગ સમાપ્ત થઈ ગઈ છે. ચીનના લોકોમાં રોગપ્રતિકારક શક્તિ પણ ઓછી થઈ છે, તેથી આ વાયરસને મ્યૂટેટ થવામાં મદદ મળી શકે છે.

ડૉ. સ્ટુઅર્ટે કહ્યું, જ્યારે પણ કોરોના સંક્રમણની ખતરનાક લહેર આવી છે, ત્યારે અમે નવા પ્રકારો જન્મ લેતા જોયા છે. તેણે કહ્યું કે વાયરસ એક બોક્સર જેવો છે. જે વિરોધીથી બચવા માટે પોતાને સતત વિકસિત કરતો રહે છે. ડૉ. સ્ટુઅર્ટે વધુમાં કહ્યું કે, “વિશ્વના ઘણા ભાગોમાં છેલ્લા ૬ થી ૧૨ મહિનામાં આપણે જે કોરોના સંક્રમણમાં નરમાઈ જોવા મળી છે, તે રસીકરણને કારણે છે અથવા ચેપ સામે મજબૂત



રોગપ્રતિકારક શક્તિને કારણે છે. એટલા માટે નહીં કે વાયરસ પહેલા કરતા ઓછો ખતરનાક થઈ ગયો છે.

ડૉ. શાન-લુ લિયુ, જેમણે કોલંબસની ઓહિયો સ્ટેટ યુનિવર્સિટીમાં વાયરસનો અભ્યાસ કર્યો હતો તેમણે જણાવ્યું હતું કે, ચીનમાં ઓમિક્રોનના ઘણા પ્રકારો મળી આવ્યા છે, જેમાં તાજેતરમાં તબાહી મચાવનાર BF.7નો સમાવેશ થાય છે. ભારતની ક્રિશ્ચિયન મેડિકલ કોલેજમાં વાયરસનો અભ્યાસ કરનારા ડૉ. ગગનદીપ કાંગે કહ્યું છે કે, એ જોવાનું રહેશે કે શું આ વાયરસ અન્ય દેશોમાં ફેલાઈ ચૂક્યો છે તેવી જ પેટર્ન સાથે ચીનમાં પણ ફરી ફેલાશે કે પછી કોઈ નવી પેટર્ન સામે આવશે.

ચીનમાં કોરોના સંક્રમણમાં તાજેતરના વધારાની વચ્ચે, આરોગ્ય નિષ્ણાતો ચીનમાં લગભગ ૧૦૦ મિલિયન કોવિડ કેસ અને ૧ મિલિયન મૃત્યુની આશંકા લગાવી રહ્યા છે. દિલ્હીની સફદરજંગ હોસ્પિટલના પલ્મોનરી મેડિસિનના એચઓડી ડૉ. નીરજ કુમાર ગુપ્તાએ કહ્યું છે કે, “ગાણિતિક ગણતરીઓના આધારે, આપણે ચીનમાં લગભગ ૧૦૦ મિલિયન કોવિડ કેસ જોઈ શકીએ છીએ, ૫ મિલિયન લોકો હોસ્પિટલમાં દાખલ છે અને ૧૦ મિલિયન લોકોના મૃત્યુની આશંકા છે, જે એક મોટી સંખ્યા છે. ચીન હજુ પણ એ જ સ્થિતિમાં છે જે ભારત પહેલા હતું પરંતુ ભારત હવે વાયરસ સામે લડવા માટે મજબૂત સ્થિતિમાં છે.”

દરમિયાન ૧૪૦ કરોડની વસ્તીવાળા દેશમાં કોરોનાના ફેલાવાના વાસ્તવિક આંકડાઓ જાણી શકાયા નથી, અને આ કારણોસર તે જાણવું મુશ્કેલ છે કે તે અર્થતંત્ર પર કેટલી ખરાબ અસર કરશે. ઓમિક્રોન વેરિઅન્ટ હવે દેશભરમાં ફેલાઈ રહ્યો છે, જેમાં બેઈજિંગમાં વ્યાપક ચેપ ફેલાયો છે અને દક્ષિણના મોટા શહેરોમાં નોંધપાત્ર વધારો થયો છે. કોરોનાવાયરસ અને તેના કારણે થતો રોગ, કોવિડ, સમગ્ર ચીનમાં જંગલી રીતે ફેલાતો રહે છે, દરેક શહેર અને પ્રાંતમાં દરરોજ લાખો નવા કેસ નોંધાય છે,બ્લૂમબર્ગમાં પ્રકાશિત અહેવાલ મુજબ, ચીનના ટોચના આરોગ્ય નિયમનકાર નેશનલ હેલ્થ કમિશને રવિવારે કહ્યું કે તેઓ દૈનિક કોવિડ સર્વેલન્સ ડેટા પ્રકાશિત કરવાનું બંધ કરી રહ્યા છે. એવું માનવામાં આવે છે કે ચીન ઝીરો કોવિડ નીતિથી પીછેહઠ કર્યા પછી કોવિડ સર્વેલન્સ ડેટા રોગનો વિસ્ફોટક ફેલાવો ઓછો દર્શાવે છે.

મેન્યુફેક્ચરિંગ અને ટેક હબ ગણાતા પૂર્વીય પ્રાંત ઝેજિયાંગમાં દરરોજ સંક્રમણના અંદાજે ૧૦ લાખ કેસ નોંધાય છે. સ્થાનિક અધિકારીઓએ રવિવારે એક બ્રીફિંગમાં જણાવ્યું હતું કે જાન્યુઆરીના બીજા ભાગમાં કેટલાક સુધારા સાથે હવેથી બે અઠવાડિયામાં આંકડો બમણો થઈ શકે છે.નેશનલ હેલ્થ કમિશનના અનુમાન અનુસાર, આંતરિક મીટિંગ દરમિયાન ચર્ચામાં સામેલ વ્યક્તિઓ દ્વારા પુષ્ટિ કરાયેલ મીટિંગની સામગ્રી અનુસાર, દેશમાં ગયા અઠવાડિયે એક જ દિવસમાં ચેપના લગભગ ૩૭ મિલિયન કેસ નોંધાયા હોઈ શકે છે. જો આ આંકડો સાચો હશે, તો તે જાન્યુઆરી ૨૦૨૨ માં સેટ કરવામાં આવેલા લગભગ ૪ મિલિયન કેસોના અગાઉના દૈનિક વૈશ્વિક રેકોર્ડને હરાવી દેશે.પૂર્વીય પ્રાંત જિઆંગસીમાં પણ જાન્યુઆરીની શરૂઆતમાં કોવિડ ચેપની ટોચ પર પહોંચવાની ધારણા છે અને તે જ સમયે ગુઆંગઝૂના દક્ષિણ મહાનગરમાં કોરોનાની ટોચ પર પહોંચવાનો અંદાજ છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# કડાણા અને સંતરામપુર તાલુકાના ગામોમાં ગ્રામ પંચાયત વિકાસ આયોજન (જીપીડીપી)બનાવવા માટેની પ્રક્રિયા શરૂ કરવામાં આવી


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા દરેક ગ્રામ પંચાયતનું ક્ષમતા વર્ધન કરીને તેઓ પોતાના ગામનું સર્વાંગી વિકાસ આયોજન બનાવે તથા તેનું અમલીકરણ કરે તે માટે વિવિધ પ્રયત્નો કરી રહી છે. ૧૯૯૩ માં પંચાયતી રાજ ની સંસ્થાઓને વિવિધ વિકાસના ૨૯ વિકાસના વિષયો જેવા કે, શિક્ષણ, આરોગ્ય, પીવાનું પાણી, કુદરતી સંશાધનોનું રક્ષણ, ખેતી, પશુપાલન અને તેનો વિકાસ કરવો મનરેગા જેવી યોજનાઓ દ્વારા સામૂહિક અને માલિકીની જમીનમાં જળ અને જમીન સંરક્ષણના કામો કરવા અને તેના દ્વારા ગ્રામીણ આજીવિકામાં વધારો કરવો અને સરકારની સામાજિક સુરક્ષાની યોજનાઓનો વ્યાપ વધારીને વ્યક્તિને તેનો લાભ મળે તે માટે સંકલિત આયોજન બનાવવાનું હોય છે.

કડાણા અને સંતરામપુર તાલુકાના ગામોમાં મહીસાગર જીલ્લા પંચાયતના એક પરિપત્ર પ્રમાણે મહિલા સભા, દરેક વોર્ડમાં મીટીંગ, બાલિકાઓ સાથે મીટીંગ અને ગ્રામસભાના આયોજન દ્વારા ૨૦૨૩–૨૪ માટે ગામ પંચાયત વિકાસ આયોજન બનાવવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. આ દરેક ગામોમાં ફળિયા સ્તરે બેસીને લોકો પોતાના વિસ્તારના પ્રશ્નોની ચર્ચા કરીને તેની નોંધ બનાવીને આ પ્રશ્નોને ગ્રામ પંચાયત વિકાસ આયોજનમાં સામેલ કરવામાં આવે તે માટે પ્રયત્નો કરી રહ્યા છે, પ્રયત્નો કરી રહ્યા છે.

આ વિસ્તારમાં વર્ષોથી એફ.ઈ.એસ. સંસ્થા ભારત સરકારના નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ રૂરલ ડેવલોપમેન્ટ હૈદરાબાદના સહયોગથી સ્થાનિક ગ્રામ પંચાયતોને ગ્રામ પંચાયત વિકાસ આયોજન બનાવવા માટેની થતી વિવિધ પ્રક્રિયાઓમાં દોરવણી આપી રહી છે. ટૂંક સમયમાં ગ્રામ પંચાયતના સરપંચઓ પદાધિકારીઓ માટે આ વિષય ઉપર કાર્ય શાળાનું આયોજન કરવામાં આવનાર છે.


# ઝાલોના મંડલીખોટા પ્રા.શાળામાં ધારાસભ્યના હસ્તે વિજ્ઞાન-ગણિત-પર્યાવરણ પ્રદર્શન યોજ્યું



દાહોદ,
જી.સી.ઈ.આર.ટી ગાંધીનગર પ્રેરિત અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન માર્ગ દર્શન હેઠળ યોજાયો ધારાસભ્ય બન્યા બાદ મહેશ ભૂરિયાની અધ્યક્ષતા હેઠળ સૌ પ્રથમ જાહેર પ્રોગ્રામ યોજાયો. ધારાસભ્ય મહેશ ભૂરિયાને આદિવાસી નૃત્ય અને ઢોલ નગારા સાથે આવકારવામાં આવ્યા

ધારાસભ્ય બન્યા બાદ મહેશ ભૂરિયા દ્વારા સૌ પ્રથમ જાહેર પ્રોગ્રામમાં તેમના દ્વારા ૧૧,૦૦,૦૦૦ માંડલીખુટા સ્કૂલના નવ નિર્માણ માટે, ૫,૦૦,૦૦૦ રૂપિયા ચોખ્ખા પાણી માટે, ૫,૦૦,૦૦૦ સ્કૂલ માટે આર.સી.સી રોડ માટે રકમ જાહેરાત કરવામાં આવી તેમજ સ્કુલને જોડતા રસ્તાનું ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું. મહેશ ભૂરીયા દ્વારા વિજ્ઞાન મેળાનું ઉદ્દઘાટન કરી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. આરોગ્ય માટે ધનવંતરી રથ લોકો માટે ખુલ્લું મુકવામાં આવ્યું હતું. બાળકોને પ્રોત્સાહિત રૂપે અલગ અલગ રકમનું ઈનામ પણ આપવામાં આવ્યું હતું. ઉપસ્થિત સહુ લોકો માટે જમવા માટેની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

# 31st ડિસેમ્બરને લઈને પોલીસ તંત્ર હરકતમાં ગરબાડાની મીનાક્યારબોર્ડર પર થઈને ગુજરાતમાં પ્રવેશતા વાહનોનું સઘન ચેકિંગ


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,
ગરબાડાની મીનાક્યાર બોર્ડર મધ્યપ્રદેશ અને ગુજરાતને જોડતી મુખ્ય બોર્ડર છે, જ્યાં અવારનવાર મધ્યપ્રદેશ માંથી ગુજરાતમાં દારૂ ઘુસાડવામાં આવે છે અને નવા નવા કીમિયાઓ અજમાવીને દારૂનો જથ્થો ગુજરાતના વિવિધ વિસ્તારોમાં જતો હોય છે. વર્ષ ૨૦૨૨ પૂર્ણ થવાના આરે છે. ત્યારે ૩૧ ફર્સ્ટની ઉજવણી હોય ત્યારે આવા સમયમાં દારૂની હેરાફેરી પણ થાય ત્યારે મધ્યપ્રદેશ માંથી ગુજરાતમાં દારૂ ન આવે તે માટે ગરબાડા પોલીસ દ્વારા મીનાક્યાર બોર્ડર પર પોલીસનો ચાંપતો બંદોબત ગોઠવી દેવામાં આવ્યો છે અને મધ્યપ્રદેશ માંથી આવતા તમામ વાહનોની પોલીસ દ્વારા સઘન ચેકિંગ કરવામાં આવી રહી છે અને મધ્યપ્રદેશને જોડતા જુદા જુદા વિસ્તારોમાં પણ પોલીસ દ્વારા જવાનો તૈનાત કરવામાં આવ્યા છે અને આવનાર ૨૦૨૩નું વર્ષ શાંતિપૂર્ણ માહોલમાં ચાલુ થાય તે માટે તેમજ વિદેશી દારૂ ઘુસાડનાર તત્વોને પકડી પાડવા માટે પોલીસ દ્વારા તમામ વાહનોનું ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, મીના ક્યાર બોર્ડર પાસે જ મધ્યપ્રદેશનો દારૂનો ઠેકો પણ આવેલ છે.

# ઝાલોદના મુણધા ગામે અન્યની જમીનમાં ગેરકાયદેસર ખેતી કરી પચાવી પાડતા છ ઈસમો સામે લેન્ડ ગ્રેબિંગની ફરિયાદ

દાહોદ,
ઝાલોદ તાલુકાના મુણધા ગામે જરાત ફળિયામાં આવેલ અન્યની જમીન ગોલાણા ગામના છ જેટલા ઈસમોએ ગેરકાયદે દબાણ કરી ખેતી કરી બજલો કરી જમીન પચાવી પાડતાં આ મામલે લેન્ડ ગ્રેબીંગનો ગુનો નોંધાયાનું જાણવા મળ્યું છે.

ગોલાણ ગામના પરેશભાઈ વરસીંગભાઈ બારીયાના દાદા સકરીયાભાઈ સીસકાભાઈ બારીએ તૌના કુટુંબના બોડાભાઈ માલાભાઈ બારીયાની મુણધા ગામે આવેલ ખાતા નંબર ૧૨૨(જુનો રે.સ.નં. ૧૦૩/૬) નવો સર્વે નં. ૧૧૦ વાળી જમીન રૂા. ૪૦૦માં વેચાણ રાખી હતી. તે પરેશભાઈ વરસીંગભાઈ બારીયાના દાદાના નામે ચાલતી આવેલ અને ત્યારબાદ પરેશભાઈ બારીયાના દાદા તથા તેમના ભાઈઓના નામે ચાલતી આવેલ તે જમીનમાં ગોલાણા ગામના બારીયા કુટુંબના ખુમાનભાઈ બોડાભાઈ બારીયા બારીયા માનસીંગભાઈ બોડાભાઈ, કસુભાઈ બોડાભાઈ બારીયા તથા ભરતભાઈ બોડાભાઈ બારીયાએ પરેશભાઈ વગેરેને તે જમીણમાં ખેતી નહીં કરવા દઈ જમીનમાં ગેરકાયદેસર દબાણ કરી ખેતી કરી તે જમીન પચાવી પાડી હતી. આ સંબંધે ગોલાણા ગામના પરેશભાઈ વરસીંગભાઈ બારીયાએ નોંધાવેલી ફરિયાદને આધારે ગોલાણા ગામના બારીયા કુટંબના ખુમાનભાઈ બોડાભાઈ, લીમજીભાઈ બોડાભાઈ, રસુલભાઈ બોડાભાઈ, માનસીંગભાઈ બોડાભાઈ, કસુભાઈ બોડાભાઈ, ભરતભાઈ બોડાભાઈ વિરૂધ્ધ લીમડી પોલીસે લેન્ડ ગ્રેબીંગનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# લીમખેડાના કથોલીયા ગામે નાકાબંધી દરમિયાન ફોર વ્હીલ માંથી ૩૫ હજારનો દારૂ ઝડપ્યો

દાહોદ,
દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના કથોલીયા ગામેથી પોલીસની નાકાબંધી દરમ્યાન એક ફોર વ્હીલર ગાડીમાંથી પોલીસે વિદેશી દારૂનો કુલ રૂા. ૩૫,૯૦૪ના પ્રોહી જથ્થા સાથે ફોર વ્હીલરની ગાડી કિંમત મળી કુલ રૂા. ૨,૩૫,૯૦૪ના મુદ્દામાલ સાથે ચાલકની અટકાયક કરી અન્ય બે મળી કુલ ત્રણ ઈસમો વિરૂદધ પોલીસમાં ફરિયાદમાં નોંધાંવવા પામી હતી.

ગત તા.૨૩મી ડિસેમ્બરના રોજ કથોલીયા ગામે પોલીસને મળેલ બાતમીના આધારે નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરી રહી હતી. તે સમયે ત્યાંથી બાતમીમાં દર્શાવેલ એક ફોર વ્હીલર ગાડી પસાર થતાં પોલીસ સાબદી બની હતી. ત્યારે પોલીસે તેને ઉભી રખાવી ગાડીની તલાસી લેતાં તેમાંથી પોલીસે વિદેશી દારૂ તથા બીયરની કુલ બોટલો નંગ. ૩૧૨ કિંમત રૂા. ૩૫,૯૦૪ તેમજ ગાડીની કિંમત મળી કુલ રૂા. ૨,૩૫,૯૦૪નો મુદ્દામાલ પોલીસે કબજે કરી ગાડીના ચાલક જયેશભાઈ ફતેસીંગભાઈ પરમાર (રહે. જામવા, વડલી ફળિયું, તા. ગરબાડા, જિ.દાહોદ)ની અટકાયત કરી તેની પુછપરછ કરતાં આ વિદેશી દારૂનો જથ્થો મધ્યપ્રદેશના પીટોલના ઠેકાના માલિકે ભરી આપ્યો હતો અને આ વિદેશી દારૂનો જથ્થો લીમખેડા ખાતે રહેતાં એક ઈસમના ત્યાં ઠાલવવાનો હોવાનું જણાવતાં લીમખેડા પોલીસે ઉપરોક્ત ગાડીના ચાલક સહિત ત્રણેય ઈસમો વિરૂધ્ધ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગરબાડા BRC ભવન ખાતે યોગ શિક્ષણ તાલીમનું આયોજન કરાયું



દાહોદ,
જીસીઆરટી ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ તાલીમ ભવન માર્ગદર્શિત યોગ શિક્ષણ તાલીમ શિબિર બીઆરસી ભવન ગરબાડા ખાતે યોજવામાં આવી. જેમાં કુલ ૨૭ તાલીમાર્થી શિક્ષક ભાઈઓએ ભાગ લીધો અને આ યોગ શિક્ષણ તાલીમમાં ઈનડોર અને આઉટડોર ગેમની એક્ટિવિટી કરાવવામાં આવશે. જેમાં આ એક્ટિવિટી શીખ્યા પછી તમામ શિક્ષકો પોતાની શાળામાં જઈને બાળકોને પણ આવી જ એક્ટિવિટી કરાવશે તે હેતુથી ગરબાડા તાલુકામાં બીઆરસી ભવન ખાતે યોગ શિક્ષણ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.

# ફતેપુરાના લીમડીયા ગામના ૪૫ વર્ષીય વ્યકિતએ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આપઘાત કરી જીવન ટુંકાવ્યું




દાહોદ,
દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના લીમડીયા ગામે સ્ટેશન ફળિયામાં રહેતા ૪૫ વર્ષીય બાબુભાઈ સળુભાઈ ગરાસીયાએ ગતરોજ અગમ્ય કારણોસર પોતાના ઘરના ઓસરીમાં લાકડાના સરા સાથે દોરડા વડે ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી પોતાનું આયખું ટૂંકાવી લીધું હતું.

આ બાબતે ફતેપુરા તાલુકાના લીમડીયા ગામના સ્ટેશન ફળિયા માં રહેતા સળુભાઈ ગવજીભાઈ ગરાસીયાએ ફતેપુરા પોલીસ મથકે જાણ કરી હતી. જેના પગલે ફતેપુરા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતકની લાશનો કબજો મેળવીને ફતેપુરા સરકારી દવાખાના ખાતે પોસ્ટમોર્ટમ અંગેની તજવીજ હાથ ધરી હતી.

આમ ફતેપુરા તાલુકાના લીમડીયા ગામે ૪૫ વર્ષીય પુરૂષે અગમ્ય કારણોસર પોતાના ઘરમાં લાકડાના સરા સાથે દોરડું બાંધીને ગળેફાંસો ખાઈને આત્મહત્યા કરી લેતા ફતેપુરા તાલુકામાં ચકચાર મચી જવા પામી છે.

# પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ

## અધ્યાત્મ, નિત્ય જીવન, સાહિત્ય અને ઈતિહાસની દ્રષ્ટિએ સ્વામિનારાયણ સંત સાહિત્યના અદ્વિતીય પ્રદાન અંગે યોજાયો પરિસંવાદ



**પ્રમુખ સ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ**
**પ્રમુખસ્વામી મહારાજ નગર**
**સ્વામિનારાયણીય સંત સાહિત્યલોક સાહિત્ય દિન**

- અધ્યાત્મ, નિત્ય જીવન, સાહિત્ય અને ઈતિહાસની દ્રષ્ટિએ સ્વામિનારાયણ સંત સાહિત્યના અદ્વિતીય પ્રદાન અંગે યોજાયો પરિસંવાદ.
- પ્રમુખસ્વામી મહારાજે સાહિત્ય સર્જનના ક્ષેત્રે આધ્યાત્મિક અને સમાજ-જાગૃતિના અનેક વિષયોમાં પ્રેરક અને આકર્ષક હારમાળાબદ્ધ સાહિત્ય રચાવીને ભારતીય સંસ્કૃતિની મહાન સેવા કરી.
- વૈદિક આધ્યાત્મિક જ્ઞાનની પરંપરામાં, શતાબ્દીઓ પછી એક વધુ મૌલિક અને વિદ્વત્તાસભર પ્રસ્થાનત્રયી ભાષ્ય પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી રચાયું.
- પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી ભારતીય સંસ્કૃતિનાં મૂલ્યો, સંવાદિતા, તેમજ ગહન દાર્શનિક સાહિત્યને વિશ્વમાં પહોંચાડવા આર્ષ અને બી એ પી એસ સ્વામિનારાયણ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ની સ્થાપના થઈ.
- વિશ્વની અનેક ભાષાઓની જનેતા સંસ્કૃત ભાષાના જતન અને સંવર્ધન માટે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે વિદ્વાન સંતોની એક શ્રેણી તૈયાર કરી.
- વિદ્વત્તાસભર સંસ્કૃત અને પ્રાકૃત સાહિત્યના સર્જનમાં બી.એ.પી.એસ. સંસ્થાના વિદ્વાન સંતો દ્વારા પ્રભાવક પ્રદાન.
- ઓકસફોર્ડ અને કેમ્બ્રિજ યુનિવર્સિટીમાંથી પ્રકાશિત થયેલાં છે સ્વામિનારાયણીય તત્વજ્ઞાન વિષયક પુસ્તકો.

સાહિત્યની શતાબ્દીઓ પુરાણી યાત્રામાં સ્વામિનારાયણીય સંતસાહિત્યનું મહત્ત્વ આગવું બની રહ્યું છે. સાહિત્ય–સંગીત–કલાના પરિપોષક ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના સંતશિષ્યોને પ્રેરણા આપીને વૈવિધ્યસભર સત્ત્વશીલ સાહિત્ય રચાવ્યું હતું. સ્વામી મુક્તાનંદજી, સ્વામી બ્રહ્માનંદજી, સ્વામી પ્રેમાનંદજી, સ્વામી નિષ્કુળાનંદજી, સ્વામી નિત્યાનંદજી વગેરે પ્રખર વિદ્વાન–કવિ–સર્જકો દ્વારા રચાયેલું વિપુલ ગદ્ય અને પદ્ય સાહિત્ય ગુજરાતી સાહિત્યનું ઘરેણું બની રહ્યાં છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના મહાન સંતોના એ વિવિધ ભાષામાં વિપુલ સાહિત્ય વારસાને સંતવિભૂતિ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે એવો ને એવો જ જીવંત રાખ્યો છે. બી.એ.પી.એસ. સંસ્થાના વિદ્વાન સંતો પાસે વિપુલ ગદ્ય–પદ્ય સાહિત્ય રચાવીને પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે ભગવાન શ્રી સ્વામિનારાયણની સાહિત્ય સર્જનની પરંપરાને નવપલ્લવિત રાખી છે.

**: સંધ્યા સભા :**

સ્વામિનારાયણીય સંત સાહિત્ય લોક સાહિત્ય દિનની વિશિષ્ટ સભાનો આરંભ સાંજે ૪:૪૫ વાગ્યે ધૂન–કીર્તન સાથે થયો હતો.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના બૃહદ જીવનચરિત્રનું આલેખન કરનાર BAPS ના પૂ આદર્શજીવન સ્વામીએ પ્રમુખ ચરિતમ પ્રવચનમાળા હેઠળ જણાવ્યું હતું. સંત તો ફરતા તીર્થ કહેવાય અને તેઓ જ્યાં જ્યાં વિચરણ કરે ત્યાં ત્યાં તીર્થ રચાય અને પ્રમુખસ્વામી મહારાજ એવા હરતાંફરતાં તીર્થસ્વરૂપ જ હતા અને આ પ્રમુખસ્વામી મહારાજ નગર પણ તીર્થ સમાન બની ગયું છે. પ્રમુખસ્વામી મહારાજ હંમેશા પોતાના ગુરૂઓના ચરિત્રોની નોંધ કરતા હતા અને પોતાની પ્રત્યેક ક્રિયામાં પોતાના ગુરૂનું અનુસંધાન રહેતું. પ્રમુખસ્વામી મહારાજ હંમેશા કોઈ પણ કાર્યનો યશ પોતાના ગુરૂને જ આપતા. પ્રમુખસ્વામી મહારાજે હંમેશા કહેતા કે મારા અને ગુરૂ શાસ્ત્રીજી મહારાજ વચ્ચે ''ભક્ત અને ભગવાન'' જેવો સંબંધ હતો. ''ગુરૂને ગમે એ મને ગમે'' એ જીવનસૂત્ર સાથે પ્રમુખસ્વામી મહારાજ આખું જીવન જીવ્યા.

ત્યારબાદ સંગીતવૃંદ દ્વારા આ તન રંગ પતંગ કીર્તન પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

BAPS ના વરિષ્ઠ સંત અને પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની અભૂતપૂર્વ વિચરણ યાત્રા, જીવન–કાર્યના સાક્ષી અને અનેકવિધ પુસ્તકોના લેખક એવા પૂ. વિવેકસાગર સ્વામી દ્વારા સંત સાહિત્યના પુરસ્કર્તા ભગવાન સ્વામિનારાયણ વિષયક મનનીય પ્રવચન આપવામાં આવ્યું હતું.

તેમણે જણાવ્યું, સ્વામિનારાયણ સંપ્રદાય અને તેના સંતો–મહંતોએ સાહિત્ય ક્ષેત્રે અનેક યોગદાન આપ્યાં છે. જેમાં તેમને વિવિધ ભાષાઓમાં લખેલા ગ્રંથો, કાવ્યો, ભજનો વગેરે નો સમાવેશ થાય છે. સ્વામિનારાયણ સંપ્રદાયમાં સંત સાહિત્ય નો સાગર ઘૂઘવી રહ્યો છે. સ્વામિનારાયણ સંપ્રદાયનું સાહિત્ય એ મનોરંજન માટેનું નથી પરંતુ મનો–પરિવર્તન માટેનું છે. ત્યારબાદ સભામાં ઉપસ્થિત મહાનુભાવોમાંથી અનેક મહાનુભાવોએ તેમના વક્તવ્ય દ્વારા પ્રમુખસ્વામી મહારાજને અંજલિ અર્પણ કરી હતી.

૧. શ્રી અમરીશભાઈ પટેલ, પ્રમુખ અને ટ્રસ્ટી, શ્રી વિલે પાર્લે કેળવણી મંડળ.
૨. શ્રી માધવ રામાનુજ, કવિ, લેખક.
૩. પ્રોફ. ડો બળવંત શાંતિલાલ જાની, કુલપતિ, હરિસિંહ ગૌર વિશ્વવિદ્યાલય.
૪. શ્રી રઘુવીર ચૌધરી, પૂર્વ પ્રમુખ, ગુજરાત સાહિત્ય પરિષદ.
૫. પદ્મ શ્રી કુમારપાળ દેસાઇ, ટ્રસ્ટી, ગુજરાત વિશ્વકોષ ટ્રસ્ટ.
૬. શ્રી ભાગ્યેશ ઝા, ચેરપર્સન, ગુજરાત સાહિત્ય અકાદમી.
૭. શ્રી અશોક સિંઘલ, કેબિનેટ રાજય મંત્રી, આસામ.
૮. શ્રી સી. આર. પાટિલ, પ્રદેશ પ્રમુખ, બીજેપી ગુજરાત.
૯. શ્રી રાજેન્દ્ર વિશ્વનાથ અરલેકર, રાજ્યપાલ, હિમાચલ પ્રદેશ.

**: પ્રમુખસ્વામી મહારાજ નગરમાં ૨૬ ડિસેમ્બર, સોમવારના રોજ યોજાયેલ પરિસંવાદ :**

**: સ્વામિનારાયણ સંત સાહિત્ય :**

BAPSસ્વામિનારાયણ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ અને ગુજરાત યુનિવર્સિટી દ્વારા આજે સ્વામિનારાયણ સંત સાહિત્ય વિષયક વિશિષ્ટ સેમિનાર યોજાયો હતો.

ગુજરાત યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર શ્રી હિમાંશુભાઈ પંડયાએ જણાવ્યું હતું, સંત સાહિત્ય એવું સાહિત્ય છે. જે લોકોના હૃદયને સ્પર્શી જાય છે. સંત આપણને સકારાત્મક વલણથી પ્રેરિત કરે છે અને આપણને ભગવાન સુધી દોરી જાય છે. માતાની જેમ સંતો આપણું રક્ષણ અને પોષણ કરે છે.

વિખ્યાત કવિ, વિવેચક, ૮૦ કરતાં વધુ પુસ્તકોના લેખક, સાહિત્ય અકાદમી એવોર્ડ અને જ્ઞાનપીઠ એવોર્ડનાં વિજેતા શ્રી રઘુવીરભાઈ ચૌધરી જણાવ્યું, ભગવાન સ્વામિનારાયણ અને સંતોએ જે કાર્ય કર્યું છે તે અભૂતપૂર્વ છે. સ્વામિનારાયણ સંત સાહિત્ય દ્વારા સમગ્ર વિશ્વમાં મૂલ્યોનો પ્રસાર થઈ રહ્યો છે. વચનામૃત અને શિક્ષાપત્રી મહાન શાસ્ત્રો છે. આ સંપ્રદાયનો આધાર નક્કર આધ્યાત્મિક તત્વજ્ઞાન છે. પ્રમુખસ્વામી મહારાજે મિલેનિયમ વર્લ્ડ સમિટમાં તેઓના સંબોધન દ્વારા ગુજરાતી ભાષાને ગૌરવ અપાવ્યું.

કવિ અને નિબંધકાર શ્રી અનિલભાઈ જોશીએ જણાવ્યું, મને યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજના ઘણી વાર આશીર્વાદ સાંપડ્યા છે. મારા અકસ્માતના સમયે પણ લીવર ક્ષતિગ્રસ્ત થયું હતું, પરંતુ યોગીજી મહારાજના આશીર્વાદથી સઘળું સારૂં થઈ ગયું. તેઓના આશીર્વાદ મારી નસોમાં વહે છે. પ્રમુખસ્વામી મહારાજ જેવા ગુરૂ ભલે શાંત રહે, પરંતુ તેઓ ભગવાન સ્વામિનારાયણના પ્રતાપથી અને તેઓના આશીર્વાદ ફળે છે.

ગુજરાત સાહિત્ય અકાદમીના ચેરમેન શ્રી ભાગ્યેશભાઈ ઝાએ જણાવ્યું, આ સંતકવિઓના સર્જનમાં આપણે સૌએ અવગાહન કરવું જોઈએ. જેથી વૈશ્વિક ઉર્જા અને દિવ્યતાનો અનુભવ આપણે કરી શકીએ. બ્રહ્માનંદ, મુક્તાનંદ અને પ્રેમાનંદના કાવ્યોમાં પારલૌકિક વિશ્વનું નિરૂપણ છે, જેના દ્વારા જીવન અને બ્રહ્માંડના રહસ્યોને આપણે સમજી શકીએ છીએ.

ડો. હરિસિંહગોર વિશ્વવિદ્યાલયના કુલપતિ પ્રોફ. ડો બળવંતરાય જાનીએ ગુજરાતી ભક્તિ સાહિત્યમાં બ્રહ્માનંદ સ્વામીના પ્રદાનને વધાવ્યું. બ્રહ્માનંદ સ્વામીની કાવ્યરચનાઓના વિવિધ પ્રકારોને તેમણે આદરાંજલિ અર્પી. તેમણે જણાવ્યું, બ્રહ્માનંદ સ્વામી શીઘ્ર કવિ હતા. ભગવાન સ્વામિનારાયણની ઉદાત્ત ભાવનાઓથી, બ્રહ્માનંદ સ્વામીએ અન્ય ધર્મોના લોકો સાથે પણ આદરભાવ સંપાદિત કર્યો હતો, જેમાં જૂનાગઢના મુસ્લિમ નવાબ પણ હતા.

CNN અને CBS ખાતેના પૂર્વ પત્રકાર અને કોલંબિયા યુનિવર્સિટીના પ્રોફેસર એવા શ્રી યોગી ત્રિવેદીએ જણાવ્યું કે પ્રમુખસ્વામી મહારાજે તેમને સાહિત્યમાં આગળ વધવાની અને વિશ્વ સુધી સદ્સાહિત્યના પ્રસાર માટે પ્રેરણા કરી. પ્રમુખસ્વામી મહારાજે તેમને કહ્યું હતું. પહેલાં સ્વયં શિક્ષિત બનો અને પછી અન્યને શિક્ષિત કરો.

ગુજરાત યુનિવર્સિટીમાં પૂર્વે ગુજરાતી સાહિત્ય વિભાગના અધ્યક્ષ અને પદ્મશ્રી એવોર્ડનાં વિજેતા શ્રી કુમારપાળ દેસાઈએ જણાવ્યું, સ્વામિનારાયણ સંતકવિઓએ તેમની સમક્ષ રહેલાં સ્વરૂપને ભક્તિ રૂપે આરાધ્યા. આ સંત કવિઓની રચનાઓ મીરા, નરસિંહ અને સૂરદાસની રચનાઓને સમકક્ષ છે. આ સંતકવિઓની રચનામાં તેઓના પોતાના જીવનમાં રહેલી ભક્તિ અને વૈરાગ્યનો વિરલ સંગમ જોવા મળે છે.

અખંડ આનંદ ના સંપાદક, ગાંધર્વ સંગીત વિદ્યાલય ટ્રસ્ટ અને અમદાવાદ તથા ગુજરાતની સાહિત્ય પરિષદના પૂર્વ પ્રમુખ એવા પ્રોફ. માધવ રામાનુજે પ્રમુખસ્વામી મહારાજ સાથે પોતાના સંસ્મરણો વાગોળ્યા હતા.

ગુજરાતના પૂર્વ ચીફ ઈન્ફોર્મેશન કમિશનર એવા શ્રી વસંત ગઢવીએ સ્વામીનારાયણીય સંત સાહિત્યને ગંગાની ધારા સમાન ગણાવ્યું હતું.

BAPS ના પૂ. ભદ્રેશદાસ સ્વામીએ જણાવ્યું, સંતકવિઓની કૃતિઓની સાથે જોડાયેલાં લોકસંગીતને જાળવવું અગત્યનું છે. કવિનું સર્જન કોઈ તાલીમ દ્વારા નહીં, પરંતુ પોતાના જીવનના સંઘર્ષો અને કષ્ટોની વચ્ચે થાય છે.

# આપની આજ.......

મેષ : આજનો દિવસ સારો છે અને આજે તમારી આસપાસ સુખદ વાતાવરણ રહેશે. પરિવારના તમામ સભ્યોની ખુશીમાં વધારો થશે. ઘણા દિવસોથી ચાલી રહેલી કોઈપણ મોટી ટ્રાન્ઝેક્શન સમસ્યા ઉકેલાશે.

વૃષભ : આજનો દિવસ તમારા માટે શુભ છે અને રોજગારી તેમજ વ્યવસાયના ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રયાસોમાં સફળતા પ્રાપ્ત થશે. સંતાન તરફથી તમને સંતોષકારક સમાચાર મળશે.

મિથુન : તમારા માટે આજનો દિવસ શુભ છે અને કેટલાક કામમાં સફળતાના કારણે તમારા મનમાં ખુશી રહેશે. રાજકીય ક્ષેત્રે કરેલા પ્રયત્નોમાં સફળતા મળશે. તમે આજે સત્તા સાથે જોડાણનો લાભ મેળવી શકો છો.

કર્ક : આજનો દિવસ તમારા માટે મિશ્રિત રહેશે. કેટલાંક કિસ્સામાં તમને સારા પરિણામ મળશે. તમને તમારા જીવનસાથીનો સહયોગ મળશે. બાળકોના પક્ષથી કેટલાક સારા સમાચાર મેળવી શકો છો.

સિંહ : આજનો દિવસ તમારા માટે થોડો સાવધાન રહેવાનો છે. કોઈ મૂલ્યવાન વસ્તુ ખોવાઈ જાય અથવા ચોરાઈ જવાનો ભય રહે છે. સંતાનના શિક્ષણના સમાચાર અથવા કોઈપણ સ્પર્ધામાં અપેક્ષિત સફળતાના કારણે મનમાં આનંદ રહેશે. સાંજે કોઈ અટકેલું કામ પૂર્ણ થતા આનંદ થશે.

કન્યા : આજે તમારા મનમાં કોઈ પ્રકારની મૂંઝવણ રહેશે અને તમે પરેશાન રહેશો. કેટલીક આંતરિક સમસ્યા તમને પરેશાન કરી શકે છે. સ્વાસ્થ્ય પ્રત્યે ધ્યાન ના હોવાને કારણે તમે બીમાર પડી શકો છો.

તુલા : શિક્ષણ અને સ્પર્ધામાં તમને વિશેષ સફળતા મળશે. આજે કોઈ કામને કારણે તમારે વધારે ભાગદોડ કરવી પડી શકે છે. આજે તમારા દુશ્મનો એકબીજા સાથે લડીને જ નાશ પામશે.

વૃશ્ચિક : આજનો દિવસ તમારા માટે શુભ છે અને ચંદ્ર શુભ દશામાં હોવાથી તમને સંપત્તિનો લાભ મળી રહ્યો છે. આજીવિકાના ક્ષેત્રમાં પ્રગતિ થશે અને પ્રતિષ્ઠા વધશે.

ધનુ : આજે તમને કેટલીક બાબતોમાં સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે. કોઈપણ કારણ વગર કોઈની સાથે વિવાદ થઈ શકે છે. કેટલાક નવા વિરોધીઓ પણ નડી શકે છે.

મકર : આજનો દિવસ તમારા માટે ખાસ છે અને તે ખૂબ જ વ્યસ્ત રહેવાનો છે. આજનો દિવસ પુત્ર, પુત્રીની ચિંતામાં અને તેમના કાર્યોમાં પસાર થશે. વિવાહિત જીવનમાં ઘણા દિવસોથી ચાલી રહેલી સમસ્યાનો અંત આવશે.

કુંભ : આજનો દિવસ તમારા માટે શુભ છે અને તમને પારિવારિક અને આર્થિક બાબતોમાં સફળતા મળશે. આજીવિકાના ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રયાસો ફળદાયી રહેશે તો તમારું મન પ્રસન્ન રહેશે.

મીન : આજે તમને ભાગ્યનો સંપૂર્ણ સહયોગ મળશે. તમારા વિરોધીઓ પણ તમારા વખાણ કરશે. સરકારના શાસક પક્ષ સાથે નિકટતા અને જોડાણનો લાભ પણ મળશે. સાસરી પક્ષ તરફથી નોંધપાત્ર રકમ પ્રાપ્ત થઈ શકે છે અને તેના કારણે તમારી ખુશીઓ વધશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

## ભારતને હિન્દુ રાષ્ટ્ર જાહેર કરવું જોઈએ અને

# ગાયને રાષ્ટ્ર માતાનો દરજ્જો આપવો જોઈએ તે માટે કથા પ્રવક્તા જેન્તીભાઈ શાસ્ત્રીએ દેશના સત્તાધિશોને અપીલ કરી

દાહોદ,

દાહોદ શહેરના રામાનંદ પાર્કમાં ચાલતી વિશ્વ કર્મા પુરાણ કથાનો આજે અંતિમ સાતમાં દિવસે જયંતિભાઈ શાસ્ત્રીએ તેઓને સ્વમુખે થતી કથામાં દિકરી વિશે ખુબ અતિ મહત્વ સમજાવવામાં આવ્યું હતું. દિકરી બે કુળની ઈજ્જત રાખે છે. એક તેના બાપની અને બીજી સાસરીમાં ગયા બાદ સાસરીના કુળની. દિકરીએ નાનીથી લઈ અઢાર વર્ષની થાય ત્યા સુધી પાળ્યા બાદ માતા પિતા બીજાના ઘરે પરણાવી દે છે. દિકરી કોઈપણ ઓલખ વગર ના નવા કુટુંબમા બીલકુલ અંજાન વ્યકિત જોડે લગ્ન કરી દેવામાં આવે છે. દિકરીના લગ્ન કર્યા બાદ દિકરીના એક હાથમાં તેના પિતાની આબરૂ અને બીજા હાથમાં સાસરીયાની ઈજ્જત છે. દિકરીના ત્યાગને કોઈ સંત જોડે પણ ન સરખાવી શકાય. અઢાર વર્ષ પિતાના ઘરમાં રહી મોટી થયા બાદ પારકાના ઘરે પરણાવી દેવામાં આવે છે. ત્યાર બાદ પારકાને પોતાના કરે તેનું નામ દિકરી જેને કોઈ ઓળખતું પણ ન હોઈ, જેના સ્વભાવની ખબર પણ ન હોય





તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

તેવા પારકાના ઘરે ગયાં બાદ તેને પણ સાચવે છે. વિશ્વકર્મા ભગવાનની પુત્રી રાંદલ માના લગ્ન સુર્યનારાયણ ભગવાનજી જોડે થયાં હતાં. સુર્યનારાણ ભગવાનજી નો પુત્ર મનુ હતો જેને લઈ વિશ્વ કર્મા કુળમા જન્મેલ બધાની રાંધલમા ફઈ થાય અને યમરાજનો દિકરો ભાઈ થાય. માનવ જીવનમાં કર્મ કરશો તો તે કર્મની સજા ધર્મ રાજા કરે છે અને તેના કર્મો પ્રમાણે તે માનવને કંઈ યોનીમાં જન્મ લેવાનો તે ધર્મ રાજાના હાથમાં હોય છે. દિકરીને સુખી જોવી હોય તો તેને તેની સાસરીમાં એકાંતમાં કદી પણ મળશો નહીં અને મર્યાદાનું પાલન ચોક્કસ કરવું જોઈએ. દિકરી બાપનો પ્રાણ છે. દિકરી જ બાપની ચિંતા કરે છે, તેથી બાપની પણ દિકરી ઉપર તેટલી જ ભાવના હોય છે. દિકરી જ્યાં સુધી ઉમરામાં હોય છે ત્યાર સુધી બાપના ઘરમાં ઉજાસ આપે છે. દિકરીનું સ્મશાન નક્કી નથી હોતું. દિકરીનો અધાન પુર્વ મહિમા વિશ્વકર્મા પુરાણમાં બતાવે છે. વર્ષો પહેલાથી દિકરીનો મહિમા બતાવ્યો છે જ્યારે આજે હવે સરકાર દિકરી બચાવો, દિકરી પઢાવો લઈ આવ્યાં છે. દિકરીનો મહિમા વર્ષો પહેલા નો છે. દિકરી બધાના ભાગ્યમાં નથી હોતી. ભગવાન ખુદે દિકરી માટે તપસ્યા કરી છે. આજે ઘરમાં દિકરીનો જન્મ થાય તો ઘરના સભ્યો મો બગાડે છે, બીજી તરફ દિકરીના જન્મ પહેલા ગર્ભમાં ગર્ભ પરીક્ષણ કરાવી દિકરી હોય તો પડાવી દે છે. જેને લઈને આજે માની કોખ પણ કસાઈ કહેવાઈ કારણ જીવતી દિકરીને કોખમાંજ ગર્ભ પડાવી મારી નાંખવાનામાં આવતી હોય છે. દિકરીને જે ઘર મા જન્મે ત્યાં તેનું તકદીર લઈને આવે છે જે પુત્ર બાપના શબને અગ્નિદાહ ન આપી શકે એ દિકરાને ધિક્કાર છે. દિકરો વરસાદ છે તો દિકરી ભાગ્ય છે. દિકરો વંશ છે તો દિકરી લક્ષ્મી છે. દિકરો તન છે તો દિકરી મન છે. દિકરો સંસ્કાર છે તો દિકરી સંસ્કૃતિ છે.

અમારા પ્રતિનિધિ દ્વારા આ કથાના રાષ્ટ્રીય વિશ્વકર્મા ધર્મ પ્રચારક પ્રવકતા જેન્તીભાઈ શાસ્ત્રીજી જોડે વાતચીતમાં તેઓના જણાવ્યાં અનુસાર, આમ તો મારા કથા યાત્રાની શરૂઆત મદ ભાગવત કથાથી થઈ છે, પરંતુ પહેલાથી મારો પરિવાર વિશ્વકર્મા પરિવાર સાથે સંકળાયેલ છે એ કારણે મારી સુરેન્દ્ર નગરની વિશ્વકર્મા સંસ્થાના તત્કાલિન પ્રમુખે મારી પ્રથમ વિશ્વકર્મા કથાનું આયોજન આજથી ૨૨ વર્ષ પહેલા કરેલું અને એ પ્રથમ વિશ્વકર્મા કથાનું વાંચન કર્યું. ભગવાન વિશ્વકર્માના સુંદર અવતાર, ચરિત્રનું વર્ણન કરતાં ભગવાન વિશ્વકર્માના પ્રાગટ્ય સ્થળ ઈલોડગઢનું વર્ણન જોઈ પ્રથમ વખત ઈલોડગઢ દર્શન કરવા ગયો હતો અને ભગવાન વિશ્વકર્માની અસીમ કૃપા થઈ. ઓગષ્ટ ૨૦૦૨માં મારી વિશ્વકર્મા કથાનું આયોજન ઈલોગઢમાં પુજ્ય મહંત મહેન્દ્ર બાપુના સાનિધ્યમાં થયું એ કથા દરમ્યાન મારી મુલાકાત ઈલોડગઢની ગુફામાં રહેતાં પરમ તપસ્વી, ત્યાગી સંત ટાંકા સ્વામી જોડે થઈ અને એમની પાસેથી પ્રસાદ રૂપે મને જે કંઈ મળ્યું એ આજ હું સમાજને વ્યાસ પીઠ પ્રતિ આપી રહ્યો છું. વિશ્વકર્મા પુરાણ વિશે તેઓના જણાવ્યાં અનુસાર, આમ તો આ સકલ વિશ્વમાં કોઈ વ્યક્તિ કે રાષ્ટ્ર એવું નહીં હોય કે જેને કોઈને કોઈ સમસ્યાનો સામનો ન કરવો પડતો હોય પછી એ સામાજીક હોય, શૈક્ષણિક હોય, આરોગ્ય વિશે હોય, રાજકીય હોય કે પ્રાકૃતિક આપદા હોય જેમકે આજ કોરોના નામની આપદાનો આખા વિશ્વ એ અનુભવ કર્યો, મારા કહેવાનો અર્થ કે, આપણા ઋષીમુનીયોએ પોતાના અનુભવની એરણ પર અનુભુતી કરી અને આપણને જે ધર્મગ્રંથો આપ્યાં છે. એ આ વિશ્વની દરેક સમસ્યાનું ઉકેલ છે. શરત એટલી છે કે, આપણી દ્રષ્ટિ હોવી જોઈએ સમજવાની તો સમાધાન મળશે જ. મારી કથામાં ધર્મની સાથે સાથે સામાજીક દુષણો, અંધશ્રધ્ધા, કુરિવાજ, કૌટુંબી રિવાજ, શિક્ષણ, આરોગ્ય અને દેશભક્તિની વાત તો કરૂંજ છું પરંતુ વિશ્વકર્મા પુરાણના આધારે જો વાત કરૂં તો ભગવાન વિશ્વકર્માની પુત્રી બહિસ્મતી જેનો વિવાહ પ્રિય વ્રત નામના રાજા સાથે થયેલા અને એ વંશમાં ભરત નામનો રાજા થયો અને એ રાજાના નામ પરથી અજનાપખંડ તરીકે ઓખળાતો આ ભુ ભાગ આજે ભરત ખંડ તરીકે ઓળખાય છે. આ દેશનું ભારત નામ પડ્યું છે. વિશ્વકર્મા પુરાણના આધારે જોઈએ તો આ ભારત દેશ ઋષી પરંપરાનો અને વિજ્ઞાનનો દેશ છે. ભગવાન વિશ્વકર્મા વિજ્ઞાનના અધિષ્ઠાતા દેવ છે. આજે આકાશમાં ઉડતા વિમાનો આપણે જોઈએ છીએ એ નવી વાત નથી. ભગવાન વિશ્વકર્માએ પુષ્પક આદિ વિમાનોની રચના કરી છે. આજે મિશાઈ ટેકનોલોજી છે એજ આપણા શાસ્ત્રનું બ્રહ્માશ્ત્ર છે. આમ આપણો ભારત દેશ જ્ઞાન અને વિજ્ઞાનનો દેશ છે રહી વાત રાષ્ટ્ર ભક્તિની તો જનની જન્મ ભુમી, સર્ગાદી, અપીહ, ગરીહસ્ત આપણા સૌ માટે સૌ પ્રથમ ધર્મ છે. રાષ્ટ્ર પ્રેમ આપણા રાષ્ટ્ર માટે આપણા પ્રત્યે ગૌરવ હોવું જોઈએ, એક ખુમારી હોવી જોઈએ. આ તકે એક વાત ચોક્કસ કરીશ. ભારત માત્ર એવો દેશ છે જે વિશ્વ બંધુસ્તવની ભાવના અને સર્વો પ્રત્યે સમભાવ, સૌ સુખી થાય એવી સુત્રાત્મક વાતોને જન્મ આપી શકે પરંતુ જે ઋષી પરંપરાનો દેશ છે જેને વિશ્વને આવો દિવ્ય સંદેશ આપ્યો છે, એ દેશમાં આજે ઘણી એવી ઘટનાઓ થઈ રહી છે. દરેક હિન્દુના હ્યદયને ચોટ પહોંચાડે છે પરંતુ આજના સત્તાધિશોને ભારતની જનતા વતી હું અપીલ કરૂં છું કે, જેની આપણે માતાનો દરજ્જો આપ્યો છે એ ગાય અને ગંગા એની જે હાલત થઈ રહી છે, આ દેશમાં આપણા માટે કલંકરૂપી છે માટે ગૌ હત્યા બંધ થવી જોઈએ, ગંગા શુદ્ધ રહેવી જોઈએ અને આ દેશ ઋષી પરંપરાનો દેશ છે. આ પરંપરા જળવાઈ રહે, આપણું ગૌરવ સદાય બની રહે એ માટે ભારતને હિન્દુ રાષ્ટ્ર જાહેર કરવું જોઈએ અને ગાયને રાષ્ટ્ર માતાનો દરજ્જો આપવો જોઈએ આટલી મારી સત્તાધિશોને તળબધ્ધ પ્રાર્થના છે.

# દે. બારીયા પાલિકા વિસ્તારમાં દબાણો હટાવવામાં ગરીબોને થયો અન્યાય

દાહોદ,

દેવગઢ બારીયા પાલિકા વિસ્તારમાં રોડની બન્ને સાઈડ ઉપર દબાણોનો જમાવડો બહુ લાંબા સમય થી જામી ગયો હતો. આ દબાણમાં લારી ગલ્લા અને નાના શાકભાજી વાળાઓ કઈ મોટું દબાણ કરી બેઠા હોય તેવું કઈ જણાતું ના હતું. સમડી સર્કલ થી ભેદરવાજા સુધી પણ દબાણ ખાસ કરીને રોડની સાઈડમાં આવેલ દુકાનોવાળા એ આગળ ઓટલા અને પતરાના સેડ કરી દબાણ વધાર્યું એ દબાણ પાલિકાના અધિકારીને કેમ દેખાતું નથી. સરકારના પરિપત્ર મુજબ રોડના મધ્યભાગ થી કેટલા અંતરમાં મકાન અથવા દુકાનનું બાંધ કામો થઈ શકે. સરકારના પરિપત્રની અવગણના કરીને પાલિકા વિસ્તારમાં પાકા બાંધ કામો ઠોકી બેસાડ્યા છે.

> દેવગઢ બારીયા એપીએમસીમાં ઘણી જગ્યા ખાલી છે. જ્યાં પણ શાકભાજી વાળાઓને બેસાડી શકાય. પણ પાલિકા એ પોતાની બજાર ફીની ડબલ આવક ગુમાવવા પડે માટે તળાવ ઉપર આ પથારાવાળાઓને હટાવી દેવાયા. એપીએમસીમાં શાકભાજીવાળા જો બેસાડાય તો નાના ગરીબ લોકોને બજાર ફી પણ ઓછી ભરવા પડે. તંત્ર આ અંગે નોંધ લેવું જરૂરી છે.

જે પાકા ગેરકાયદેસર બાંધકામો પાલિકા તંત્ર કેમ તોડાવી સકતી નથી.

દેવગઢ બારીયા ટાવર થી લઈને સમડી સર્કલ થી બસ્ટેન્ડ રોડ ઉપર પણ ફરીથી ક્યાંક ક્યાંક લારીઓ ગોઠવાઈ જતા ફરીથી પણ એજ પરિસ્થિતિનું નિર્માણ થયું છે. આ ન્યાય છે કે પછી અન્યાય..??. લારી ગલ્લા તમામ હટાવી દેવા હોય તો પછી દરેક જગ્યા એ કાયદો એકજ હોવું જોઈએ. રોજનું કમાઈ રોજનું ખાનાર ગરીબ ધંધા વાળાઓની લારી ગલ્લા હટી ગયા પછી આજે તેમના હાલ કેવા છે. તે માત્ર તેમના વિસ્તારના પાલિકા સદસ્યને ખબર હશે.

પાલિકા વિસ્તારમાં પાકા બાંધકામો કેટલા અને તેમાં ગેરકાયદેસર કેટલા તેની પાલિકા કેમ દરકાર રાખતી નથી. જવાબદાર અધિકારીને આ બધીજ ખબર હોય છે. છતાં પણ કેમ ચૂપ છે તે લોકો જાણે છે. પાકા ગેરકાયદેસર દબાણો હટાવવાનું કોઈ નામ લેતું નથી કારણકે આગામી થોડા સમયમાં પાલિકાની ચૂંટણી આવે છે. શાકભાજીના પથારાવાળાઓને તળાવ ઉપર મોકલી દેવાયા. બજાર ફી દિવસમાં બે વાર તેમની પાસે વસુલ કરાઈ છે, જે ખરેખર યોગ્ય છે ખરૂં..? સાંજે ત્યાં અંધારૂં પડી જતા શાકભાજી વાળાઓને તકલીફ પડતી હોય છે. એક તરફ માનસરોવર તળાવનું લાખ્ખો રૂપિયાના ખર્ચે બ્યુટીફીકેશન કરાઈ રહ્યું છે. ત્યારે હવે આ તળાવમાં સડેલા નકકામાં શાકભાજી ફેંકવાથી તળાવનું પાણી ગંદુ થતા તળાવ ઉપર જે દુર્ગંધ આવશે તે કેવી હશે અને ક્યારેક કોઈ સામાન્ય ઝગડામાં તળાવ ઉપર કોઈ મોટો જાનહાની થાય ત્યારે જવાબદાર કોણ.

આમ, દેવગઢ બારીયા પાલિકા તંત્ર એ તરત લીધેલા તઘલખી નિર્ણય સામે હવે પાકા ગેરકાયદેસર દબાણો હટાવશે કે કેમ તેવું નગરજનો માં ચર્ચાઈ રહ્યું છે.

## ફતેપુરા તાલુકાના પાટી ગામે પ્રધાનમંત્રી સડક યોજના હેઠળ

# પાંચ માસ અગાઉ સવા કરોડના ખર્ચે બનાવવામાં આવેલ બે ડામર રસ્તાઓ ભ્રષ્ટાચારી કોન્ટ્રાકટરના લીધે ગાયબ.!?

ફતેપુરા,

ફતેપુરા તાલુકામાં કેટલાક વહીવટી તંત્રો પોતાની ફરજ પ્રત્યે બેદરકારી દાખવતા સરકાર દ્વારા ફાળવવામાં આવતા કરોડો રૂપિયા વ્યર્થ જઈ રહ્યા છે અને મોટાભાગની કામગીરી સ્થાનિક વહીવટી તંત્રો અને કોન્ટ્રાક્ટરોની મિલી ભગતથી મનમાની ચલાવી કામગીરી કરાવતી હોય ખર્ચ કરવામાં આવેલ નાણાનો દુરૂપયોગ થઈ રહ્યો છે. ત્યારે સરકારી નાણાનો દુરૂપયોગ કરતા જવાબદારો સહિત તેમાં સંડોવાયેલા તત્વો સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે તો સરકારી કે જે પ્રજાના નાણાં છે, તેનો સદ્ઉપયોગ થઈ શકે. પરંતુ કેટલીક



તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

> - પાટી ગામના બે રસ્તાઓ ૧.૨૫ કરોડના ખર્ચે ડામર કરવામાં આવ્યા હતા. જે માત્ર પાંચ માસમાં જ ધૂળિયા માર્ગ બની ગયા.!
> - આ બંને રસ્તાનું ધારાસભ્ય તથા સાંસદ સભ્યના હસ્તે ખાતમુહર્ત કર્યા બાદ રસ્તાઓની કામગીરીની શરૂઆત કરવામાં આવી હતી.

જગ્યા ઉપર અંધેરી નગરીએ ગંડુ રાજા જેવો વહીવટ ચલાવાતો હોય ગ્રામ્ય વિકાસના મોટાભાગની કામગીરી તકલાદી પુરવાર થઈ રહી છે. ત્યારે તે બાબતે જવાબદાર ઉચ્ચ અધિકારીઓએ સતર્કતા દાખવવાની ખૂબ જ જરૂરિયાત જણાઈ રહી છે.

જાણવા મળેલ પ્રાપ્ત વિગતો મુજબ ફતેપુરા તાલુકાના પાટી ગામે ગત દોઢેક વર્ષ અગાઉ પ્રધાનમંત્રી સડક યોજના હેઠળ મંજુર કરવામાં આવેલ બે રસ્તાઓનું ધારાસભ્ય તથા સાંસદ સભ્યના હસ્તે ૧.૨૫ કરોડના ખર્ચે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેમાં મહિડા ફળિયા થી પાર્ટી માતા ફળિયા મંદિર સુધીનો એક રસ્તો આશરે બે કિલોમીટર જેટલો જ્યારે બીજો રસ્તો પાર્ટી સંગાડા ફળિયા થી ભોજેલા ફાટા સુધી દોઢ કિલોમીટર જેટલા આ બે રસ્તાઓની દોઢેક વર્ષ અગાઉ માટી મેટલ કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી. ત્યારબાદ ગત પાંચેક માસ અગાઉ આ બંને રસ્તાઓને ડામર કરવામાં આવ્યા હતા.ત્યારે ગામના રસ્તાઓ ડામર કરવામાં આવતા ગ્રામજનોમાં ઉત્સાહ જોવા મળતો હતો.પરંતુ લોકોનો ઉત્સાહ ક્ષણિક પુરવાર થયો છે.તેમાં પાટી ગામના મહિડા ફળિયા થી માતા ફળિયા મંદિર સુધીનો આશરે બે કિ.મી જેટલા રસ્તા ઉપર કરવામાં આવેલ ડામર ઉખડી જતા હાલ ધૂળિયો માર્ગ થઈ ચૂક્યો છે. જ્યારે સંગાડા ફળિયા થી ભોજેલા ફાટક સુધીનો આશરે દોઢ કિલોમીટર રસ્તો ડામર કર્યાને પણ માત્ર પાંચેક માસનો જ સમય વીત્યો હોવા છતાં આ રસ્તા ઉપર ની કાંકરીઓ રસ્તા ઉપર ઉપસી આવી છે.આ બંને રસ્તાઓ ઉપરની કરવામાં આવેલ કામગીરી તકલાદી પુરવાર થતા ભ્રષ્ટાચારના પોપડા ઉખડી જવા પામેલ છે અને હાલ આ બંને માર્ગો ધૂળિયા માર્ગ બની ચૂક્યા છે. ત્યારે આ રસ્તાઓની કામગીરીની ક્વોલિટી ની તપાસ કર્યા વિના કોન્ટ્રાક્ટરને લાખો રૂપિયા નું બિલ કેવી રીતે ચૂકવી આપવામાં આવ્યું ?તે પણ એક તપાસનો વિષય છે.

અહીંયા એ પણ ઉલ્લેખનીય બાબત છે કે, કેટલાક નવીન રસ્તાઓની કરવામાં આવતી કામગીરી જે પચીસ લાખમાં થઈ શકે તેમ હોય તે જ રસ્તાની કામગીરી માટે સરકાર દ્વારા પચાસ લાખ રૂપિયા ઉપરાંતની રકમ મંજૂર કરવામાં આવે છે અને તેમ છતાં તેવા રસ્તાઓની કામગીરીમાં સરકારના નિયમો મુજબ મટીરીયલ્સનો વપરાશ નહીં કરી રસ્તાઓ બનાવી દેવામાં આવતા હોય છે અને તેવા રસ્તાઓ મહિનાઓમાં તૂટી જતા હોય ત્યારે તેવા કોન્ટ્રાક્ટરોને વહીવટી તંત્રો કયા સંબંધથી બીજી વાર કામગીરી સોંપતા હોય છે ? તે પણ એક સવાલ છે અને આવા રસ્તાઓ માટે મંજૂર થતી રકમ દ્વારા નિયમો અનુસાર કામગીરી કરવામાં નહીં આવતી હોય ત્યારે આ નાણાં જાય છે ક્યાં? તે પણ એક સળગતો સવાલ છે. તેમજ જે–તે કોન્ટ્રાક્ટરને કામગીરી સોંપતાં પહેલા સરકારના નિયમો અનુસાર જે પણ નિયમો અને શરતો ને આધીન રહી કામગીરી કરવામાં નહીં આવતી હોય ત્યારે તેવા કોન્ટ્રાક્ટરોની સામે વહીવટી તંત્રો દ્વારા કાયદાકીય પગલા કેમ ભરાતા નથી? અને તેવા કોન્ટ્રાક્ટરને પીઠબળ છે કોનું ? અને તેઓને છાવરે છે કોણ ?અને ભ્રષ્ટાચારી કોન્ટ્રાક્ટરોને કોઈનું પણ પીઠબળ ગમે તેટલું હોય તેના માટે વાંધો નથી પરંતુ પ્રજાના નાણાનો દૂર ઉપયોગ થતો હોય તેના માટે જવાબદાર કોણ ?અને તેવા અનેક પ્રશ્નો ઉદ્ભવે તે સ્વાભાવિક બાબત છે.

# દાહોદ પાલિકાએ પોલીસ સાથે રાખી શહેરના ગેરકાયદેસર દબાણો દુર કરતાં દબાણકર્તાઓમાં ફફડાટ

દાહોદ,

દાહોદમાં સ્માર્ટસીટી અંતર્ગત કામગીરીએ વેગ પકડ્યો છે. ત્યારે આજરોજ દાહોદ નગરપાલિકા તંત્ર દ્વારા સ્થાનીક પોલીસને સાથે રાખી દાહોદ શહેરમાં ગેરકાયદે દબાણો જમાવી બેઠેલા વેપારીઓ સહિત સ્થાનીક લોકો સામે લાલ આંખ કરી દબાણો દુર કરવાની કામગીરી કરાતાં શહેરમાં ગેરકાયદે દબાણકર્તાઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો.

દાહોદ સ્માર્ટ સીટી તરફ આગળ વધી રહ્યું છે. ત્યારે વિધાનસભાની ચુંટણી પુર્ણ થયા બાદ દાહોદ સ્માર્ટ સીટીની કામગીરીએ વેગ પકડ્યો છે. થોડા દિવસો પુર્વે દાહોદ શહેરના સ્ટેશન રોડ ખાતે આવેલ રાત્રી બજાર ખાતેની ફુડ કોર્ટ દુકાનોને તંત્ર



દ્વારા ખાલી કરી દેવાના આદેશો સાથે તમામ ૨૦ દુકાનો ખાલી કરી નાંખવામાં આવી હતી. દાહોદ શહેરમાં નવીન રસ્તાઓની કામગીરી પણ ચાલી રહી છે. પાર્કિંગની સમસ્યાને નિવારવામાં માટે ટ્રાફિક પોલીસ દ્વારા આડેધડ પાર્ક કરાતા વાહન ચાલકો સામે દંડનીય કાર્યવાહી પણ કરવામાં આવી રહી છે. ટુંક સમયમાં ભુગર્ભ ગટરની કામગીરી માટે ગુજરાત સરકારની એક સર્વે ટીમ પણ દાહોદ આવવાની હોય તંત્ર દ્વારા દાહોદ શહેરવાસીઓને આ ટીમને સાથ અને સહકાર આપવા અપીલ પણ કરવામાં આવી છે. દાહોદ શહેરમાં ટ્રાફિકની સમસ્યાના નિરાકરણ માટે જિલ્લા કલેક્ટર, દાહોદ જિલ્લા પોલીસ વડા અને ધારાસભ્ય દ્વારા દાહોદ શહેરમાં આવેલ બે રસ્તાઓની મુલાકાત કરી ટ્રાફિકનું ભારણ ઓછુ કરવા ચર્ચા વિચારણા પણ કરવામાં આવી હતી. ત્યારે આજરોજ દાહોદ શહેરમાં ગેરકાયદે દબાણો કરી બેઠેલા વેપારીઓ તેમજ સ્થાનીક રહીશો સામે પાલિકા તંત્રએ સ્થાનીક પોલીસને સાથે રાખી દબાણ હટાવવાની કામગીરી હાથ ધરી હતી. દબાણ હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવતાં ગેરકાયદે દબાણકર્તાઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો.



તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

સંજેલી તાલુકામાં આવેલ યુગ શકિત ગાયત્રી એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી શ્રધ્ધા વિદ્યાલય ખાતે તુલસી પૂજન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં શાળાના નાના બાળકોએ બે હાથ જોડીને તુલસીને પ્રણામ કર્યા હતા બાળકોને તુલસી વિશેનું મહત્વ સમજાવી અશ્વિનભાઈ સી.સંગાડાએ સ્પીચ રજૂ કરીને તુલસી વિશેની માહિતી આપી માહિતગાર કર્યા હતા. કાર્યક્રમમાં શાળાના આચાર્ય દિલીપકુમાર મકવાણાએ આયુર્વેદનું મહત્વ સમજાવ્યું હતું અને તુલસી પૂજન દિવસની ઉજવણી કરાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં બાળકોએ ભાગ લીધો હતો.

# દાહોદ જીલ્લામાં બે સગીરાને લગ્નની લાલચે અપહરણ કરી જતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લામાંથી બે સગીરાઓને લગ્નની લાલચ આપી બે યુવકો દ્વારા અપહરણ કરી લઈ નાસી જતાં જે તે પોલીસ મથકે ફરિયાદ નોંધાંવવા પામી છે. સગીરાના અપહરણનો પ્રથમ બનાવ ઝાલોદ તાલુકાના કદવાળ ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૧૪મી ડિસેમ્બરના રોજ ઝાલોદ તાલુકામાં રહેતી એક ૧૭ વર્ષીય સગીરાને ઝાલોદ તાલુકાના ખરવાણી ગામે પટેલ ફળિયામાં રહેતો નવીનભાઈ દિનેશભાઈ બારીયાએ સગીરાને પટાવી, ફોસલાવી, લગ્નની લાલચ આપી પત્નિ તરીકે રાખવા સારૂં અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના પિતા દ્વારા ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સગીરાના અપહરણનો બીજો બનાવ દાહોદ શહેરમાં બનવા પામ્યો હતો. જેમાં દાહોદ તાલુકામાં રહેતી એક ૧૬ વર્ષીય સગીરાને દાહોદ તાલુકાના કાળીગામ ખાતે રહેતો રાહુલભાઈ પ્રકાશભાઈ પંચાલે સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી, પત્નિ તરીકે રાખવા સારૂં અપહરણ કરી દાહોદ શહેરમાંથી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાની માતા દ્વારા દાહોદ એ. ડિવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સંજેલી તાલુકાના જુસ્સા ગામે વન વિભાગ ની રેડ જોઈ મકાન માલિક ફરાર

સંજેલી,

સંજેલી તાલુકાના જુસ્સા મુકામે ગેરકાયદેસર રંધા મશીન તેમજ સાગીના સાઈઝ અને અને કાપેલું વૃક્ષ જોઈ વન વિભાગ અધિકારી ચોકી ઉઠ્યા હતા. સંજેલી તાલુકાના જુસ્સા ગામે સબ સેન્ટર નજીક મકાનમાં ગેરકાયદેસર સાગીના વૃક્ષો કાપી અને રંધા મશીનમાં સાઈઝની કામગીરી કરતા હોવાની મળેલી બાતમીના આધારે વન વિભાગે રેડ પાડી અને મુદ્દા માલ ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી.



તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

સંજેલી તાલુકાના જુસ્સા ખાતે આવેલા સબ સેન્ટર નજીક રહેતા રાવત રમેશભાઈ પુનાભાઈ ના મકાનમાં રંધા મશીન રાખી અને વગર પરવાનગીના વૃક્ષો કાપી અને સાઈઝ જેવી વિવિધ કામગીરી કરતા હોવાની સંજેલી RFO માલીવાડને મળેલી બાતમીના આધારે સંજેલીના જુસ્સા ગામે સ્ટાફ સાથે રાત્રી સમયે રેડ કરી હતી. રેડ કરતા વન વિભાગની ગાડી જોઈને આરોપી ફરાર થઈ ગયો હતો. રંધા મશીન તેમજ સાગીના સાઈઝ અને કાપેલા વૃક્ષો જોઈ અધિકારી ચોકી ઉઠ્યા હતા. તાત્કાલિક આસપાસ માંથી પ્રાઈવેટ વાહનો મંગાવી અને રંધા મશીન તેમજ સાઈઝ અને કાપેલા વૃક્ષ વાહનમાં ભરી લઈ સંજેલી વન વિભાગ ખાતે લાવી અને મળી આવેલા સાગીના વૃક્ષો તેમજ માલકીના છે કે જંગલના તેમજ વગર પરવાનગીએ આપવામાં આવેલા છે. તે બાબતની વધુ તપાસ હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.107

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

## ગોધરા-લુણાવાડા રોડ શકિત નગર પાસે

# લાખોના ખર્ચે બનેલ સાર્વજનિક ઉદ્યાનની જાળવણીના અભાવે મૃતપ્રાય : અવસ્થામાં





- જીલ્લા વહીવટી તંત્ર અને પાલિકા વિભાગ ઉદ્યાનને પૂનઃ નવસર્જીત કરે તેવી માંગ.
- સાર્વજનિક ઉદ્યાનને તત્કાલીન મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે લોકાર્પણ કરાયું હતું.

ગોધરા,
ગોધરા શહેરના ભૂરાવાવ વિસ્તારમાં લુણાવાડા રોડ પર શક્તિ નગર સોસાયટી પાસે આવેલા સાર્વજનિક ઉદ્યાનની હાલત વહીવટી તંત્રની ઉદાસીનતા અને આળસ તેમજ જાળવણીના અભાવે બદતર સાથે બિસ્માર બનવા પામી છે. પ્રથમ દ્રષ્ટિએ જોતા ઉદ્યાન હાલ મૃતપાય અવસ્થામાં હોવાનું જણાઈ આવે છે. ત્યારે ગોધરા શહેરના શહેરીજનોની તેમજ સ્થાનિક વિસ્તારના રહીશોની માંગ છે કે, ઉદ્યાનની વ્યવસ્થિત જાળવણી કરવામાં આવે અને પૂનઃ ઉદ્યાન લોકોને ઉપયોગી થાય તેવા ત્વરિત પગલાં જિલ્લા વહીવટી તંત્ર તેમજ નગર પાલિકા ગોધરાના અધિકારીઓ રસ લઈ ઉદ્યાન ને પુનઃ નવસર્જિત કરે તેમ નાગરિકો ઈચ્છિ રહ્યા છે.

ગોધરા શહેરમાં આમ પણ શહેરીજનોના હરવા ફરવા માટે અને આનંદદાયક સ્થળો જૂજ માત્રામાં છે અને જે છે તેની પણ જાળવણી અને સાચવણીના અભાવે હરવા ફરવા લાયક સ્થળો મૃતપાય અવસ્થામાં છે. જેમ કે, ગોધરા શહેરનું કનેલાવ પીકનીક પોઈન્ટ, ભુરાવાવ વિસ્તારમાં જ લુણાવાડા રોડ પર શક્તિનગર સોસાયટી પાસે આવેલો સાર્વજનિક ઉદ્યાન ત્યારે આપણે હાલ તો વાત કરીશું ભૂરાવાવ વિસ્તારમાં લુણાવાડા રોડ પર શક્તિનગર સોસાયટી પાસે આવેલા સાર્વજનિક ઉદ્યાનની જ્યાં વર્ષો પહેલા ખુલ્લી જગ્યા હતી. જે જગ્યામાં શહેરનો કચરો ઠાલવવા માટે ઉપયોગ થતો હતો. જેને મેલા ડેપો તરીકે પણ ઓળખાતો હતો. પરંતુ વર્ષ ૨૦૦૬-૦૭ માં પંચમહાલ જિલ્લાના તત્કાલીન કલેક્ટરના અથાગ પ્રયાસોના કારણે આ ખુલ્લી જગ્યાનો ઉપયોગ નગરજનોના લાભ માટે થાય તેવા આશયથી અહીં જાહેરનામું પ્રસિદ્ધ કરી જગ્યાને ફેનસિંગ વોલ કરી કોર્ડન કરવામાં આવી હતી. ત્યારબાદ શહેરના અને જિલ્લાના ભાજપના હોદેદારો દ્વારા તેમજ નગર પાલિકા ગોધરાના સતાધીશો દ્વારા તે વખતના ગુજરાત રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રીને રજુઆત કરતા આ જગ્યાનો સદ્દઉપયોગ શહેરીજનોના લાભ માટે થાય તે હેતુ થી સાર્વજનિક ઉદ્યાન બનાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું અને જેમાં લાખો રૂપિયાનો ખર્ચ કરી તત્કાલીન મુખ્યમંત્રીના હસ્તે સાર્વજનિક ઉદ્યાનનું દબદબાભેર ઉદ્દઘાટન કરી શહેરીજનો માટે ઉદ્યાન ખુલ્લો મુકવામાં આવ્યો હતો. શરૂઆતમાં તો આ ઉદ્યાનની જાળવણી નગર પાલિકા દ્વારા વ્યવસ્થિત અને નિયમિત રીતે કરવામાં આવતી હતી અને જેના કારણે આ ઉદ્યાનનો ઉપયોગ શહેરીજનો તેમજ સ્થાનિક રહીશો દ્વારા નિયમિત કરવામાં આવતો હતો. પરંતુ સમયની સાથે નગર પાલિકા દ્વારા આ ઉદ્યાન ની કાળજી રાખવામાં આળસ રાખતા હોય તેમ યોગ્ય જાળવણી કરવામાં આવી નથી.

**સ્થાનીય લોકો દ્વારા ઉઠતી માંગને લઈ નગર પાલિકા દ્વારા સૂકો ઘાસ સાફ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. તેમજ નગર પાલિકા પ્રમુખ સંજય સોની એ જણાવ્યું હતું કે, આ ઉદ્યાનનું વહેલા તકે રીનોવેશન કરી ઉદ્યાનની અંદર વર્ષો જુના રમકડાઓ બદલી નવા મુકવામાં આવશે અને અસામાજિક તત્વોને ડાબવા માટે ત્યાં સિક્યોરિટીગાર્ડ મુકવામાં આવશે.**

નગર પાલિકાના આળસના ફળ સ્વરૂપ ઉદ્યાનની હાલત હાલ બદતર સાથે બિસ્માર અને મૃતપાય અવસ્થામાં બની છે. જેનું મુખ્ય કારણ માત્રને માત્ર નગર પાલિકા ગોધરા દ્વારા આ ઉદ્યાનની જાળવણી કરવામાં નિષ્ફળ ગયા હોય તેમ સ્થાનિકો આક્ષેપો લગાવી રહ્યા છે. ત્યારે પાલિકાની ઉદાસીનતા અને આળસના પ્રતાપે હાલ આ ઉદ્યાન બિસ્માર હાલતમાં છે. ત્યારે આ ઉદ્યાનને લઈ સ્થાનિક રહીશોમાં ચર્ચા છે કે, આ ઉદ્યાનમાં રાત્રીના સમયે અસામાજિક તત્વો નો અડ્ડો બની જવા પામ્યો છે અને જે તત્વોની પ્રવૃત્તિ શંકાસ્પદ હોવાનું ઘણીવાર જણાઈ હોય તેમ સ્થાનીય સોસાયટીના રહીશો જણાવી રહ્યા છે. અને જેના કારણે આ ઉદ્યાનમાં હરવા ફરવા માટે મહિલાઓ પોતે સુરક્ષિત ન હોવાના કારણે ઉદ્યાન માં જતા નહિ અને અસામાજિક તત્વોના કારણે આસપાસ ના સ્થાનિયોમાં ભય નો માહોલ બન્યો હોવાનું સ્થાનીય જણાવી રહ્યા છે. હાલ સ્થાનીય નાગરિકો આ ઉદ્યાનનો રીનોવેશન કરી સિક્યોરિટી મુકવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે.

## ખાદ્ય તેલના ભાવોમાં ધરખમ ઘટાડો થતાં ફરસાણ અને નાસ્તાના ઉંચા ભાવને લઈ ગ્રાહકોની કરાતી લુંટને લઈ જીલ્લા પુરવઠા અધિકારીને સામાજીક કાર્યકર દ્વારા રજુઆત

**તેલના ભાવ ઘટેલ હોય ત્યારે ફરસાણ, નાસ્તાના ભાવમાં ઘટાડો કરવા માંગ**


ગોધરા,
ગુજરાત રાજ્યમાં ખાદ્ય તેલના ભાવમાં ધરખમ ઘટાડો થયેલ છે. તેમ છતાં પંચમહાલ જીલ્લા સહિત ગોધરામાં ફરસાણ અને નાસ્તાઓના ભાવમાં ઘટાડો થયો નથી. વેપારીઓ તેલના ભાવ વધવા સાથે ફરસાણ અને નાસ્તના ભાવોમાં વધારો કરવામાં આવતો હોય છે. પરંતુ ખાદ્ય તેલના ભાવમાં ઘટાડાનો લાભ ગ્રાહકોને આપવામાં નહિ આવી લુંટ ચલાવવામાં આવે છે.

રાજ્યમાં ખાદ્ય તેલના ભાવમાં ધરખમ ઘટાડો થયેલ છે. ખાદ્ય તેલના ભાવનો ઘટાડો થતાં ફરસાણ અને નાસ્તાના ભાવોમાં કોઈ ફરક પડતો નથી અને ફરસાણ અને નાસ્તાના ધંધાદારીઓ ગ્રાહકોને ભાવ ઘટાડાનો લાભ આપતા નથી. હાલમાં ખાદ્ય તેલ સીંગતેલ, કપાસીયા અને પામોલીન તેલમાં ડબ્બા ઉપર ૭૦૦ થી ૮૦૦ રૂપીયાનો ઘટાડો થયેલ તેમ છતાં પંચમહાલ જીલ્લા સહિત ગોધરામાં ફરસાણના વેપારીઓ દ્વારા ભાવ ઘટાડો કરવામાં આવતો નથી અને ફરસાણ અને નાસ્તાનો ધંધો કરતા ધંધાદારીઓ ગ્રાહકોની લુંટ કરી રહ્યા છે. ત્યારે પંચમહાલ જીલ્લા સહિત ગોધરાના ફરસાણ અને નાસ્તાના ધંધાદારીઓને ભાવ ઘટાડો કરવા આદેશ કરવામાં આવે તેવી માંગ સાથે જીલ્લા પુરવઠાને લેખિત રજુઆત સામાજીક કાર્યકર સંજય ટહેલ્યાણી દ્વારા કરવામાં આવી છે.

## ભૂતકાળની ભવ્યતાને ફરીથી ઉજવવાનો ઉત્સવ એટલે પંચમહોત્સવ : પાવાગઢના આંગણે પંચમહોત્સવનો શાનદાર અને ભવ્ય પ્રારંભ









- મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે પંચમહોત્સવનું કરાયું ઈ-ઉદ્દઘાટન.
- વર્ષે ૩૮ લાખથી વધુ પ્રવાસીઓ, વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકેનો દરજ્જો પામનાર આ સ્થળની લે મુલાકાત છે.

ગોધરા,
પંચમહાલ જિલ્લામાં આવેલ ચાંપાનેર-પાવાગઢ તા.હાલોલ એક ઐતિહાસિક મહત્વ ધરાવતું પ્રવાસન મથક છે. જેને યુનેસ્કો દ્વારા ''વર્લ્ડ હેરિટેજ સાઈટ'' તરીકેનો દરજ્જો આપવામાં આવ્યો છે. આ ઐતિહાસિક પ્રવાસન મથક ખાતે પ્રવાસન વિકાસની રહેલ ભરપૂર શક્યતાઓ જોતા તેના યોગ્ય પ્રચાર પ્રસાર દ્વારા તેને રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય કક્ષાએ પ્રસિદ્ધિ મળે તથા તેની આગવી વિશિષ્ટ ઓળખ પ્રવાસીઓને આપી શકાય તથા સ્થાનિક રોજગારીની તકોમાં વધારો લાવી શકાય તે હેતુસર વર્ષ ૨૦૧૫થી પ્રતિ વર્ષ પંચમહોત્સવનું આયોજન વડા તળાવ,તા. હાલોલ ખાતે કરવામાં આવે છે.જો કે નોવેલ કોરોના વાયરસને ધ્યાનમાં રાખતા વર્ષ ૨૦૧૯/૨૦/૨૧ દરમિયાન આ આયોજન શક્ય થઈ શક્યું નહોતું.

ચાલુ વર્ષ ૨૦૨૨ દરમિયાન આજરોજ ૨૫ ડિસેમ્બરના રોજ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે પંચમહોત્સવનું ઈ-ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતું કે આજથી શુભારંભ થનાર આ પંચમહોત્સવ થકી સાંસ્કૃતિક વારસો અને પરંપરાગત મૂલ્યોનું જતન થશે. તેમણે વધુમાં વધુ લોકો આ મહોત્સવનો લાભ લેશે તેવો વિશ્વાસ પણ વ્યકત કર્યો હતો.

તેમણે ઉમેર્યું હતું કે, પરંપરાગત નગર ઉત્સવ અને સાંસ્કૃતિક ઉત્સવો થકી ભારતને વિશ્વગુરૂ બનવા તરફ લઈ જવા રાહભર બનશે. ગુજરાતની સાંસ્કૃતિક સમૃદ્ધિ અને પરંપરાગત લોકમેળાનો વૈભવ પાવાગઢ પંચમહોત્સવમાં જોવા મળે છે.પરંપરાની જાળવણી સાથે આધુનિકતાને અપનાવવાની નરેન્દ્રભાઈએ ગુજરાતમાં વિકસાવેલી પ્રણાલી આ મહોત્સવમાં સાકાર થઈ છે. આ સાથે તેમણે મહાકાળી માતાના ચરણોમાં વંદન કરીને પોતાની વાત પૂરી કરી હતી.

આ પ્રસંગે હાલોલ ધારાસભ્ય જયદ્રહસિંહજી પરમાર દ્વારા પ્રાસંગિક ઉદબોધન તથા અધિક જિલ્લા કલેકટર એમ.ડી.ચુડાસમા દ્વારા આભારવિધિ કરાઈ હતી. સમગ્ર આયોજનને લઈને પ્રવાસન વિભાગ તથા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ તૈયારીઓને પૂર્ણ કરી લેવામાં આવી છે.

કાર્યક્રમની શરૂઆત સવારે ૧૧ વાગ્યે ક્રાફ્ટ બજાર, ફૂડ બજારનું ઉદ્દઘાટન કરાયું હતું, સાંજે ૫ વાગ્યા પછી સમગ્ર કાર્યક્રમ શરૂ કરાયો હતો. જેમાં સ્થાનિક કલાકારઓ દ્વારા સંગીત સંધ્યા અને ભરત નાટ્યમ રજૂ કરાયું હતું. આ પ્રસંગે પાવાગઢ યાત્રાધામ પર બનેલ ચાર તથા પ્રવાસન વિભાગ દ્વારા નિર્મિત ખુશ્બુ ગુજરાત કી ફિલ્મનું એલઈડી પર નિદર્શન કરાયું હતું. દીપ પ્રાગટય કરાયું હતું. ગુજરાત પ્રવાસન વિભાગ અને જિલ્લા વહીવટી તંત્રના પ્રયાસોથી જિલ્લાના પ્રવાસન વિભાગને વેગ મળ્યો છે. વર્ષે ૩૮ લાખથી વધુ પ્રવાસીઓ, વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકેનો દરજ્જો પામનાર આ સ્થળની મુલાકાત લેતા હોય છે.

ગુજરાતના પ્રસિદધ લોકગાયક આદિત્ય ગઢવી દ્વારા સંધ્યા સંગીત રજૂ કરાઈ,જેમાં લોકો મંત્રમુગ્ધ બન્યા હતા.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ, મોરવા હડફ ધારાસભ્ય નિમિષાબેન સુથાર, હાલોલ ધારાસભ્ય જયદ્રસિંહ પરમાર, જિલ્લા કલેકટર સુજલ મયાત્રા, જિલ્લા વિકાસ અધિકારી ડી.કે.બારિયા, પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકી સહિત વિવિધ મહાનુભાવો/હોદ્દેદારો તથા મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## પંચમહાલ જિલ્લાના ખાંડીવાવ અને નવાગામે રાષ્ટ્રીય ખેડુત દિવસની ઉજવણી કરાઈ



ગોધરા,
ગુજરાત રાજ્યના બાગાયત વિભાગ દ્વારા રાષ્ટ્રીય ખેડૂત દિવસની ઉજવણી નિમિત્તે વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે પંચમહાલ જિલ્લાના બાગાયત વિભાગ દ્વારા ઘોઘંબા તાલુકાના નવાગામ ખાતે તેમજ જાંબુઘોડા તાલુકાના ખાંડીવાવ, સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે ''બાગાયતી પાકોમાં પ્રાકૃતિક કૃષિ પરીસંવાદ અંતર્ગત એક દિવસીય ખેડૂત તાલીમ શિબીર યોજાયેલ હતી. આ કાર્યક્રમમાં જિલ્લાના બાગાયત વિભાગ, જિલ્લા ખેતીવાડી વિભાગ, આત્મા કચેરી તેમજ બાગાયત સંશોધન કેંદ્ર વેજલપુર ખાતેથી વૈજ્ઞાનિક સહિત વિવિધ અધિકારી કર્મચારીઓએ બાગાયતી ખેતીમાં પ્રાકૃતિક ખેતી તેમજ બાગાયત વિભાગ હસ્તક ચાલતી વિવિધ સહાયલક્ષી યોજનાકીય માહિતી વિશે માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે બહોળી સંખ્યામાં ખેડુતો ઉપસ્થિત રહ્યા હતા. તેમ નાયબ બાગાયત નિયામક ગોધરા, પંચમહાલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે.



નુતન એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત બી.ફાર્મસી કોલેજ, રામપુરામાં એઆઈસીટીઈ સ્પાઈસના સોસીડેક કલબ અને એન.એસ.એસ. યુનિટ દ્વારા ૨૧મી ડીસેમ્બર, ૨૦૨૨ ના રોજ વૃક્ષારોપણ, યોગા અને મેડીટેસનનું આયોજન કરાયું. જેમાં કોલેજ ૪૧ જેટલા સ્કૂલના વિદ્યાર્થીઓને બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં ૨૫ જેટલા એન.એસ. એસ. યુનિટ ના વોલીંતર એ ભાગ લીધો હતો. જેમાં મેનેજમેન્ટ નું પણ મહત્વ નું યોગદાન છે.

## મોરવા(હ)ના હડફ નદીના પુલ ઉપર ફોર વ્હીલ ચાલકે બાઈકને ટક્કર મારી બાઈક ચાલક અને પાછળ બેઠેલ વ્યકિતને ઈજાઓ પહોંચાડી

મોરવા(હ),
મોરવા(હ) ગામે હડફ નદીના પુલ પાસે ફોર વ્હીલ ગાડીના ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી બાઈકને ટકકર મારતાં બાઈક ચાલકને પાછળ બેઠેલ બે વ્યકિત રોડ ઉપર ફેંકાઈ જતાં ગંભીર ઈજાઓ પહોંચાડી નાશી જઈ ગુન્હો કર્યાની ફરિયાદ નોંધાવા પામી છે.


પ્રાપ્ત વિગતો પ્રમાણે મોરવા(હ)ના હડફ નદીના પુલ ઉપર મહિન્દ્રા મરાજો ગાડી નં.જીજે.૧૭.બીએચ.૩૨૪૬ના ચાલકે પોતાનું ગાડી પુરઝડપે હંકારી લાવી બાઈક નંબર જીજે.૦૬.એલપી.૬૧૭૬ ટકકર મારી હતી. બાઈકને ટકકર મારતાં બાઈક ચાલક મહેશભાઈ ભારતસિંહ સંગાડા માથાના ભાગે તથા ડાબા પગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. જ્યારે બાઈક પાછળ બેઠેલ હિંમતસિંહ બારીયાના કપાળના ભાગે ડાબા હાથના પંજાના ભાગે ઈજાઓ કરી ફેકચર કરી ગાડી ચાલક નાશી જઈ ગુન્હો કર્યાની ફરિયાદ મોરવા(હ) પોલીસ મથકે નોંધાવા પામી છે.

## ગોધરા-ઈન્દોર હાઈવે ઉપર કેમીકલ ભરેલ ટેન્કર પલ્ટી ગયું સબનસીબે જાનહાનિ ટળી



ગોધરા,
ગોધરા-ઈન્દોર હાઈવે રોડ ઉપર કેમીકલ ભરેલ ટેન્કર પલ્ટી જતાં કેમીકલ રોડ સાઈડમાં ઠલવાતાં લોકો ડીઝલ સમજી વાસણોમાં લઈને દોડ્યા હતા. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા-ઈન્દોર હાઈવે રોડ ઉપર થી કેમીકલ ભરેલ ટેન્કર મધ્યપ્રદેશથી સેલવાસ જઈ રહ્યું હતું. ત્યારે ટેન્કરના ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતા ટેન્કર પલ્ટી ખાઈ ગયું હતું. કલર બનાવવામાં ઉપયોગમાં લેવાતું કેમીકલ રોડ સાઈડમાં ઠલવાતા આસપાસના લોકો ડીઝલ સમજીને વાસણો લઈને દોડ્યા હતા. ટેન્કર પલ્ટી જવાની ઘટનામાં સદ્દનસીબે જાનહાનિ થવા પામી ન હતી.

## ગોધરા કલાલ દરવાજા રવિ કોર્પોરેશન પાસે કોથળામાં માંસનો જથ્થો મળી આવતાં પોલીસ ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી



ગોધરા,
ગોધરા શહેર કલાલ દરવાજા વિસ્તારમાં રવિ કોર્પોરેશન પાસેથી શંકાસ્પદ માંસનો જથ્થો મળી આવ્યો. એ ડીવીઝન પોલીસને જાણ થતાં ઘટના સ્થળે પહોંચીને તપાસ હાથ ધરવામાં આવી.

ગોધરા શહેરના કલાલ દરવાજા વિસ્તારમાં રવિ કોર્પોરેશન પાસેથી શંકાસ્પદ માંસનો જથ્થો મળી આવ્યો. આ વિસ્તાર દિવસભર ટ્રાફિકની અવરજવર અને લોકોની ચહલપહલથી ધમધમતો રહે છે. તેવા ભરચક વિસ્તારમાં કોઈપણ અજાણ્યા ઈસમો કોથળામાં માંસનો જથ્થો નાખી ગયો હોવાનું અનુમાન છે. રવિ કોર્પોરેશન પાસે રાત્રીના સમયે કોણ માંસનો જથ્થો ફેંકી ગયું તેની ચર્ચાએ જોર પકડયું છે. કોઈ ઈસમો દ્વારા માહોલ ભડકાવવા માટે ગૌમાંસનો જથ્થો નાખ્યો હોવાનું અનુમાન લગાવાઈ રહ્યું છે. કલાલ દરવાજા વિસ્તારમાં માંસનો જથ્થો ફેંકી ગયાની જાણે એ ડીવીઝન પોલીસને થતાં ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરવામાં આવી છે.

## દાહોદ જીલ્લામાં ત્રણ આકસ્મીક મોતના બનાવામાં ત્રણના મોત

દાહોદ,
દાહોદ જિલ્લામાં આકસ્મિક મોતના જુદી જુદી જગ્યાએ બનેલા ત્રણ બનાવોમાં આઠ વર્ષીય છોકરા સહિત ત્રણના અટાણે મોત નિપજયાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર જિલ્લામાં બનેલા આકસ્મિત મોતના ત્રણ નબાવો પૈકીનો એક બેનાવ ખરેડી ગામના નવાતા્ ફળિયામાં રહેતા ૨૭ વર્ષીય રોહીતભાઈ મકનભાઈ કલારાએ કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી ઝેરના પારખા કરી મોતને વ્હાલુ કર્યું હતું. આ સંબંધે મૃતક રોહીતભાઈ કલારાના ભાઈ જતનભાઈ લીંબાભાઈ કલારાની જાહેરાતના પગલે દાહોદ તાલુકા પોલીસે આરપીસી ૧૭૪ મુજબ અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આકસ્મીક મોતના બીજા બનાવમાં દાહોદ તાલુકાના રામપુરા ગામે કોળણ ફળિયામાં રહેતા નરેસભાઈ લદ્ધુભાઈ મોહનીયાની રામપુરા મુખ્ય પ્રા. શાળામાં ભણતી છોકરી અસ્મિતાબેન નરેશભાઈ મોહનીયા તા. ૨૦.૧૨.૨૦૨૨ ના રોજ સાંજના સાડા ચાર વાગ્યાના સમારે શાળાના મેઈનગેટમાંથી પસાર થઈ રહી હતી તે દરમ્યાન દરવાજો તેના ઉપર પડતા તેના માથામાં ભાગે ગંભીર ઈજાઓ થતાં તેને દવા સારવાર અર્થે દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતુ. આ સંબંધે રામપુરા ગામના લદ્ધુભાઈ સમસુભાઈ મોહનીયા એ આપેલ જાહેરાતના પગલે દાહોદ તાલુકા પોલીસે સીઆરપીસી ૧૭૪ મુજબ અકસ્માત મોતના ગુનાના કાગળો તૈયાર કરી આગળની તપાસ હાથ ધરી છે.

જયારે જિલ્લામાં અકસ્માતનો ત્રીજો બનાવ દેવગઢ બારીયા તાલુકાના વાડોદર ગામે એક કંપનીમાં બનવા પામ્યો હતો. જેમાં વાડોદર ગામે ભારતમાલા હાઈવે રોડ પર આવેલ જીએચવી.પ્રા. લિ., કંપનીમાં નોકરી કરતાં રાજસ્થાનના ભીલવાડા જિલ્લાના રૂપાહેલી ખુર્દ ગામનાં ૨૭ વર્ષીય ગોપાલલાલ ભેરૂલાલ માલીને કંપનીનાં કામ કરતી વેળાએ શોર્ટ સર્કીટ થતાં વીજ કરંટ લાગતા તેનું મોત નિપજયું હતું. આ સંબંધે મરણજનાર ગોપાલલાલ માલીના પિતા ભેરૂલાલ હજારીલાલ માવીએ પીપલોદ પોલીસને જાણ કરતાં પોલીસે ઘટના સ્થળે દોડી ગઈ હતી. અને મૃતકનુ લાશનું પંચોરૂબરૂ પંચનામું કરી લાશને પીએમ માટે પીપલોદ સરકારી દવાખાને મોકલી આપી આ મામલે સીઆરપીસી ૧૭૪ મુજબ અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.